MANOGAT • Year-39 • Issue-11 • 10 September 2020 • Bhadarva Vad 8, Samvat 2076 • Yugabd 5122 • Price : Rs. 5/- • Pages : 28

# મનોગત

૧૭ સપ્ટેમ્બર
જન્મદિન
સેવા સપ્તાહ

## અવિરામ
## અવિચલ
## તપસ્વી
## શ્રી નરેન્દ્રભાઈની
## સાધના
## રાષ્ટ્રવંદના





## ૨૫ સપ્ટેમ્બર ૧૯૧૬-૧૧ ફેબ્રુઆરી ૧૯૬૮

# પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીને શત શત વંદન

પંડિત દીનદયાળ ઉપાધ્યાય એક પ્રખર વિચારક અને ઉત્કૃષ્ટ સંગઠનકર્તા હતા. તેઓ ભારતીય જનસંઘના અધ્યક્ષ હતા. તેમણે ભારતની સનાતન વિચારધારાને યુગાનુકૂળ રૂપમાં પ્રસ્તુત કરીને દેશને એકાત્મ માનવવાદ જેવી પ્રગતિશીલ વિચારધારા આપી. તેમની ગણના તે આદર્શ મહાપુરુષોમાં કરવામાં આવે છે, જેમણે વર્તમાન રાજનીતિને શુચિતા અને શુદ્ધતાના પાયા પર સ્થાપિત કરવાની પ્રેરણા આપી.

પંડિત દીનદયાળજી એ એવા એક નેતા હતા, જેમણે જીવનભર ઈમાનદારી અને સત્યનિષ્ઠાને પ્રાધાન્ય આપ્યું. તેઓ ભારતીય જનતા પાર્ટી માટે વૈચારિક માર્ગદર્શન અને નૈતિક પ્રેરણાના સ્રોત હતા. ઉપાધ્યાયજી તદ્દન સરળ અને સૌમ્ય સ્વભાવના વ્યક્તિ હતા. રાજનીતિ ઉપરાંત સાહિત્યમાં પણ તેમની ખૂબ અભિરુચિ હતી.

### જીવન-પરિચય

પંડિત દીનદયાળજીનો જન્મ ૨૫ સપ્ટેમ્બર, ૧૯૧૬માં મથુરા જિલ્લાના નાનકડા ગામ 'નગલા ચંદ્રભાન'માં થયો હતો. દીનદયાળજીના પિતાનું નામ ભગવતીપ્રસાદ ઉપાધ્યાય હતું. તેમનાં માતુશ્રીનું નામ રામપ્યારી હતું. તેઓ ધાર્મિક વૃત્તિ-પ્રવૃત્તિ ધરાવતાં હતાં. ૭ વર્ષની ઉંમરે જ દીનદયાળજી માતાપિતાના પ્રેમથી વંચિત થઈ ગયા. સન ૧૯૩૪માં બીમારીના કારણે તેમના ભાઈનું મૃત્યુ થઈ ગયું. તેમના મામા રાધારમણ શુક્લે તેમનું પાલનપોષણ કર્યું.


ઉપાધ્યાયજીએ પિલાની, આગ્રા તથા પ્રયાગમાં શિક્ષણ મેળવ્યું. બી.એસસી., બી.ટી. કર્યા પછી તેમણે નોકરી સ્વીકારી નહીં. વિદ્યાર્થીજીવનથી જ તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સક્રિય સભ્ય બની ગયા હતા. કૉલેજ છોડ્યા પછી તરત જ તેઓ ઉક્ત સંસ્થાના પ્રચારક બની ગયા. તેમનો એકાત્મવાદ સર્વપ્રથમ ૧૯૬૪માં જનસંઘના ગ્વાલિયર અધિવેશનમાં પ્રસ્તુત કરવામાં આવ્યો અને પછીના વર્ષે ૧૯૬૫માં વિજયવાડા અધિવેશનમાં તેનો સ્વીકાર કરવામાં આવ્યો. તેમણે એકાત્મ માનવવાદના સૈદ્ધાંતિક વિવેચન પછી ઘણાં વ્યવહારિક સૂત્રો પણ આપ્યાં, જેમ કે આર્થિક વ્યવસ્થાના પાયાને સૂત્રને સમજાવતાં તેમણે લખ્યું હતું કે રોટી, કપડાં અને મકાન જેવી ભૌતિક જરૂરિયાતોની પૂર્તિ કોઈપણ અર્થવ્યવસ્થાનું નાનામાં નાનું કર્તવ્ય છે.

ઈ.સ. ૧૯૫૧માં ભારતીય જનસંઘનું નિર્માણ થયા બાદ તેમને તેના સંગઠનમંત્રી બનાવામાં આવ્યા. બે વર્ષ પછી ઈ.સ. ૧૯૫૩માં ઉપાધ્યાયજીને ભારતીય જનસંઘના મહામંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા, અને તે પછી લગભગ ૧૫ વર્ષ સુધી આ પદ પર રહીને તેમણે જનસંઘની અમૂલ્ય સેવા કરી છે. ડિસેમ્બર, ૧૯૬૭ના કાલિકટ અધિવેશનમાં તેઓને ભારતીય જનસંઘના અધ્યક્ષપદે પસંદ કરવામાં આવ્યા. ૧૧ ફેબ્રુઆરી ૧૯૬૮માં મુગલસરાઈમાં તેમનું મૃત્યુ થયું.


### પં. દીનદયાળ ઉપાધ્યાયજીની શ્રેષ્ઠતમ વૈચારિક દેન - એકાત્મ માનવવાદ

દેશને 'એકાત્મ માનવવાદ'નો વિચાર એ પંડિત દીનદયાળજીની શ્રેષ્ઠતમ દેન છે. આ એક એવું ચિંતન છે, જેનાં મૂળિયા ભારતના ભૂતકાળમાં છે, પરંતુ દૃષ્ટિ ભવિષ્ય પર. તેઓ આ ચિંતનથી એક એવા રાષ્ટ્રનું નિર્માણ તથા વિકાસ કરવા માગતા હતા જેના થઈ જે તે દેશ પોતાના સ્વત્વને ધ્યાનમાં રાખીને વિશુદ્ધ ભારતીય સંસ્કૃતિ અનુરૂપ વિશુદ્ધ ભારતીય સંસ્કૃતિ અનુરૂપ વિકાસ સાધી શકે.

તેમનું કહેવું હતું કે આપણી સંસ્કૃતિ અને પરંપરામાં દુનિયાને આપવા જેવું શું છે તે જાણીએ અને વિશ્વની પ્રગતિમાં આપણો સહયોગ આપીએ. ઘણાં વરસો સુધી આપણું બધું જ ધ્યાન સ્વાધીનતા સંગ્રામ તથા સ્વરક્ષણમાં રહ્યું. આથી આપણે દુનિયાનાં બીજાં રાષ્ટ્રોની હરોળમાં ઊભા નથી રહી શક્યા, પણ આજે જ્યારે આપણે સ્વતંત્ર છીએ ત્યારે આપણે ઓછપને પૂરી કરવી જોઈએ. આ જ વૈચારિક પૃષ્ઠભૂમિ પર દીનદયાળજીએ 'એકાત્મ માનવવાદ'ની અવધારણા પ્રતિપાદિત કરી. આ એમના રાજનૈતિક ચિંતનની ફલશ્રુતિ છે, જેનું કેન્દ્રબિંદુ મનુષ્ય છે. મનુષ્યનો સમગ્રતયા વિકાસ ધર્મના અવલંબન પર થાય છે. માણસનું માણસ માટેનું આ ચિંતન રાજનૈતિક નહોતું. આ એમની સાંસ્કૃતિક દૃષ્ટિ હતી, કારણ કે તેઓ ભારતીય સંસ્કૃતિમાં પ્રગાઢ આસ્થા રાખનારા વિચારક હતા. તેઓ માનતા હતા કે આર્થિક ઈચ્છાઓની તૃપ્તિ તથા સંતુષ્ટિ ક્યારેય પૂર્ણ થતી નથી. એક ઈચ્છા પૂરી થાય છે, કે તરત જ બીજી ઈચ્છા જાગે છે. આ માટે તેઓ કહેતા હતા કે મનુષ્યને શરીર, મન, બુદ્ધિ અને આત્મા સહિતની દૃષ્ટિએ નીરખવો જોઈએ.



Year 39 • Issue 11 • Pages 28



તંત્રીસ્થાનેથી

# આવો, શ્રી નરેન્દ્રભાઈ મોદી પાસેથી પ્રેરણા લઈ રાષ્ટ્ર અને પક્ષ માટે અવિરામ, અવિચલ સાધના કરતા રહીએ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

૧૭ સપ્ટેમ્બર - આદરણીય, માનનીય, ગુજરાતના પનોતાપુત્ર અને સૌથી વિશેષ તો આપણા પોતાના એવા શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિન. આપણી ભારતીય સંસ્કૃતિની વિચારધારાએ આપણને સૌને જે શીખવ્યું છે એ પ્રેરણાથી શ્રી નરેન્દ્રભાઈનો જન્મદિન સમગ્ર પક્ષ 'સેવા સપ્તાહ' તરીકે ઊજવશે.

શ્રી નરેન્દ્રભાઈ પાસેથી પ્રેરણા લેવાની કેટકેટલી બાબતો છે. ડગલે ને પગલે આપણને તેમની રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠા, સમાજ પ્રત્યેની સંવેદના, ફરજ પ્રત્યેની સભાનતા, વંચિતો પ્રત્યેની સહૃદયતા, કાર્યકરો પ્રત્યેનો અપાર પ્રેમ, વિચારધારા પ્રત્યેની અડગ શ્રદ્ધા, દેશના દુશ્મનો સામે મજબૂત રણટંકાર અને ભ્રષ્ટાચારીઓને અક્ષમ્ય શિક્ષા.

આત્મનિર્ભર ભારતના સ્વપ્નદૃષ્ટા એવા અદ્‌ભુત, અભૂતપૂર્વ, અતુલનીય અસ્તિત્વ ધરાવતા શ્રી નરેન્દ્રભાઈની આફતને પણ સેવાના અવસરમાં પલટાવવાની ક્ષમતા કે ગામડાના સહજ સરળ માણસથી લઈને જે - તે ક્ષેત્રના વિશ્વભરના નિષ્ણાત કે ધુરંધર વ્યક્તિને પણ કોઈ ને કોઈ બાબતે પ્રેરણા આપતું શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વ્યક્તિત્વ એ આપણી વિચારધારાએ ઘડ્યું છે તેનું ગૌરવ આપણને સૌને અકલ્પનીય, અનરાધાર અને અલૌકિક છે.

શ્રી નરેન્દ્રભાઈ સ્વયંથી આગળ વધતાં-વધતાં ન માત્ર એક સંસ્થા કે સરકાર બન્યા છે પરંતુ એક 'વિચાર' બની ગયા છે. આ વિચાર દ્વાર જ તેઓ રાષ્ટ્રને પરમવૈભવના શિખરે બિરાજમાન કરવા પોતાનું સમગ્ર જીવન - દિવસની પ્રત્યેક ક્ષણ આપવા કટિબદ્ધ બની ગયા છે.

વિચાર તો કરો - ૨૫-૨૫ વર્ષના જાહેર જીવનમાં અનીતિ, અન્યાય કે અપ્રામાણિકતાનો એક અંશ પણ આ બેદાગ વ્યક્તિત્વને સ્પર્શી સુધ્ધાં શક્યો નથી. શ્રી નરેન્દ્રભાઈના વ્યક્તિગત જીવનની આ પ્રામાણિકતાની મૂડીએ સમગ્ર વિશ્વને અકિંચન જીવનની દીવાદાંડી પૂરી પાડી છે.

આવો, અગણ્ય ગુણોના અસરકારક અને છતાં એટલા જ નમ્ર, નિરાલા અને નિ:સ્વાર્થ નરેન્દ્રભાઈ પાસેથી કોઈ ને કોઈ બાબતની પ્રેરણા લઈ આપણા જીવનના કર્મમાં પરિવર્તિત કરી રાષ્ટ્રના અવિરામ-અવિચલ સાધક બની રાષ્ટ્રવંદના કરતા રહીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

## સક્રિય સભ્યો માટે અગત્યની સૂચના

**નવા નોંધવામાં આવેલ સક્રિય સભ્યોને સપ્ટેમ્બર ૨૦૨૦થી મનોગતનો અંક નિયમિત રીતે પોસ્ટ દ્વારા મોકલવાની શરૂઆત આ અંક દ્વારા કરવામાં આવી છે. તમામ સક્રિય સભ્યોએ આ અંકના સરનામાના પોસ્ટિંગ લેબલ પર લખેલી વિગતો ચકાસી લેવી અને તેમાં જો કોઈ ફેરફાર હોય તો manogat.1980@gmail.com પર પોતાના સક્રિય સભ્ય નંબર સાથે તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૦ સુધીમાં મેઈલ દ્વારા અથવા 'મનોગત' કાર્યાલયના સરનામે લેખિતમાં જાણ કરવી. જો કોઈ સક્રિય સભ્યોને મનોગતનો અંક ન મળતો હોય તો તેની જાણ પણ ઉપરોક્ત પ્રમાણે કરવી.**

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
**ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ**
દીનદયાળ ભવન, જે.પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
**ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨**
E-mail : manogat.1980@gmail.com

**તંત્રી મુદ્રક પ્રકાશક :**
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ., ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૩૮૦૦૨૧ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publisher :**
Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at Allied Offset Printers (Gujarat) Pvt. Ltd., 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J.P.Chowk, Khanpur, Ahmedabad-380001.





# અસહયોગ આંદોલનના રૂપમાં જે બીજ વાવવામાં આવ્યું હતું, તેને હવે આત્મનિર્ભર ભારતના વટવૃક્ષમાં પરિવર્તિત કરવું આપણા બધાની જવાબદારી છે

**કોરોનાના આ સંકટકાળમાં લોકોમાં ઉમંગ તો છે, ઉત્સાહ પણ છે પરંતુ આપણા દરેકના મનને સ્પર્શી જાય તેવું અનુશાસન પણ છે**

મારા પ્રિય દેશવાસીઓ, નમસ્કાર. સામાન્ય રીતે આ સમય ઉત્સવનો હોય છે, દરેક જગ્યાએ મેળાઓ ભરાય છે, ધાર્મિક પૂજા-પાઠ થાય છે. કોરોનાના આ સંકટકાળમાં લોકોમાં ઉમંગ તો છે, ઉત્સાહ પણ છે પરંતુ આપણા દરેકના મનને સ્પર્શી જાય તેવું અનુશાસન પણ છે. ઘણીખરી રીતે જોવા જઈએ તો નાગરિકોમાં જવાબદારીની સમજ પણ છે. લોકો પોતાનું ધ્યાન રાખીને, બીજાઓનું ધ્યાન રાખીને, પોતાનાં રોજિંદા કામ પણ કરી રહ્યા છે. દેશમાં થઈ રહેલા પ્રત્યેક આયોજનમાં જે રીતનો સંયમ અને સાદગી આ વખતે જોવાઈ રહી છે, તે અભૂતપૂર્વ છે. ગણેશોત્સવ પણ ક્યાંક ઓનલાઈન મનાવવામાં આવી રહ્યો છે, તો મોટાભાગની જગ્યાઓએ આ વખતે ઈકોફ્રેન્ડ્લી ગણેશજીની મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી છે. સાથીઓ, આપણે જો બહુ બારીકાઈથી જોઈએ તો એક વાત ચોક્કસ આપણા ધ્યાનમાં આવશે – આપણા ઉત્સવ અને પર્યાવરણ. આ બંને વચ્ચે બહુ ગાઢ સંબંધ રહ્યો છે. જ્યાં એક તરફ આપણા ઉત્સવોમાં પર્યાવરણ અને પ્રકૃતિની સાથે સહજીવનનો સંદેશ છુપાયેલો હોય છે, તો બીજી તરફ, કેટલાયે ઉત્સવો પ્રકૃતિની રક્ષા માટે જ મનાવવામાં આવે છે. જેમ કે બિહારના પશ્ચિમ ચંપારણમાં સદીઓથી થારૂ આદિવાસી સમાજના લોકો ૬૦ કલાકનું લોકડાઉન અથવા તેમના જ શબ્દોમાં કહીએ તો, ૬૦ કલાકના બરનાનું પાલન કરે છે. પ્રકૃતિની રક્ષા માટે બરનાને થારૂ સમાજે પોતાની પરંપરાનો ભાગ બનાવી લીધો છે, અને સદીઓથી બનાવેલો છે. આ દરમિયાન ન કોઈ ગામમાં આવે છે, કે ન કોઈ પોતાના ઘરની બહાર નીકળે છે, અને લોકો માને છે કે જો તેઓ બહાર નીકળ્યા અથવા કોઈ બહારથી આવ્યું તો તેમના આવવા-જવાથી, લોકોની રોજિંદી ગતિવિધિઓથી, નવા છોડ-ઝાડને નુકસાન થઈ શકે છે. બરનાની શરૂઆતમાં ભવ્ય રીતે આપણાં આદિવાસી ભાઈ-બહેનો પૂજા-પાઠ કરે છે, અને તેના સમાપન પર આદિવાસી પરંપરાનાં ગીત, સંગીત, નૃત્ય જેવા કાર્યક્રમો પણ જોરશોર સાથે થાય છે.

સાથીઓ, આ દિવસોમાં ઓણમનો તહેવાર પણ ધામધૂમથી ઊજવવામાં આવી રહ્યો છે. આ પર્વ ચિંગમ મહિનામાં આવે છે. આ દરમિયાન લોકો કંઈક નવું ખરીદે છે, પોતાના ઘરને સજાવે છે, પૂકલ્લમ બનાવે છે, ઓણમ-સાદિયાનો આનંદ લે છે, વિવિધ પ્રકારની રમતો અને સ્પર્ધાઓ પણ થાય છે. ઓણમની ધૂમ તો આજે દૂરસુદૂર વિદેશો સુધી પહોંચી છે. અમેરિકા હોય, યુરોપ હોય, કે ખાડીના દેશો હોય, ઓણમનો ઉલ્લાસ આપને દરેક જગ્યાએ મળશે. ઓણમ એક ઈન્ટરનેશનલ ફેસ્ટિવલ બની રહ્યો છે.

**અન્નદાતાને નમન, ખેડૂતોને નમન**
**આપણા ખેડૂતોએ કોરોનાની આ મુશ્કેલ પરિસ્થિતિમાં પણ પોતાની તાકાતને સાબિત કરી છે**

સાથીઓ, ઓણમ આપણી કૃષિ સાથે જોડાયેલો તહેવાર છે. તે આપણી ગ્રામીણ અર્થવ્યવસ્થા માટે પણ એક નવી શરૂઆતનો સમય હોય છે. ખેડૂતોની શક્તિથી જ તો આપણું જીવન, આપણો



સમાજ ચાલે છે. આપણા તહેવારો ખેડૂતોના પરિશ્રમથી જ રંગબેરંગી બને છે. આપણા અન્નદાતાને, ખેડૂતોની જીવન આપનારી શક્તિને તો વેદોમાં પણ બહુ ગૌરવપૂર્ણ રૂપથી નમન કરવામાં આવ્યું છે.

ઋગ્વેદમાં મંત્ર છે - અન્નાનામ્ પતયે નમઃ, ક્ષેત્રાણામ્ પતયે નમઃ...

એટલે કે અન્નદાતાને નમન, ખેડૂતોને નમન... આપણા ખેડૂતોએ કોરોનાની આ મુશ્કેલ પરિસ્થિતિમાં પણ પોતાની તાકાતને સાબિત કરી છે. આપણા દેશમાં આ વખતે ખરીફ પાકની રોપણી ગત વર્ષની તુલનામાં ૭ ટકા વધારે થઈ છે.

ડાંગરની રોપણી આ વખતે લગભગ ૧૦ ટકા, કઠોળ પાક લગભગ ૫ ટકા, જાડા અનાજ-Coarse Cereals લગભગ ૩ ટકા, તેલીબિયાં લગભગ ૧૩ ટકા, કપાસ લગભગ ૩ ટકા વધુ રોપવામાં આવ્યા છે. હું તેને માટે દેશના ખેડૂતોને શુભેચ્છા પાઠવું છું, તેમના પરિશ્રમને નમન કરું છું.

મારા પ્રિય દેશવાસીઓ, કોરોનાના આ સમયગાળામાં દેશ કેટલાયે મોરચે એકસાથે લડી રહ્યો છે, પરંતુ તેની સાથે-સાથે, કેટલીયે વાર મનમાં એ પણ સવાલ થતો રહ્યો છે કે આટલા લાંબા સમય સુધી ઘરમાં રહેવાને કારણે મારા નાના-નાના બાળમિત્રોનો સમય કેવી રીતે પસાર થતો હશે. અને એટલે જ મેં ગાંધીનગરની ચિલ્ડ્રન યુનિવર્સિટી - જે દુનિયામાં એક નોખા પ્રકારનો પ્રયોગ છે, ભારત સરકારના મહિલા અને બાળવિકાસ મંત્રાલય, શિક્ષણ મંત્રાલય, સૂક્ષ્મ-લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય, આ બધાની સાથે મળીને, આપણે બાળકો માટે શું કરી શકીએ છીએ, તેના પર મંથન કર્યું, ચિંતન કર્યું. મારા માટે તે અતિ સુખદ હતું, લાભકારી હતું કારણ કે એક રીતે તે મારા માટે પણ કંઈક નવું જાણવાનો, નવું શીખવાનો લહાવો બની ગયો.

સાથીઓ, અમારા ચિંતનનો વિષય હતો, રમકડાં. અને ખાસ કરીને ભારતીય રમકડાં. અમે આ વાત પર મંથન કર્યું કે ભારતનાં બાળકોને અવનવાં રમકડાં કેવી રીતે મળે, ભારત રમકડાં ઉત્પાદનનું એક મોટું મથક કેવી રીતે બને. આમ તો હું ''મન કી બાત'' સાંભળનારાં બાળકોનાં માતા-પિતા પાસે ક્ષમા માંગું છું, કારણ કે બની શકે કે હવે આ ''મન કી બાત'' સાંભળ્યા પછી રમકડાંની નવી નવી ડિમાન્ડ સાંભળવાનું કદાચ તેમની સામે એક નવું કામ આવી જશે.

## રમકડાં એવાં હોવાં જોઇએ જે બાળકના બાળપણને બહાર લાવે

સાથીઓ, રમકડાં જ્યાં એક્ટિવિટી વધારનારાં હોય છે, તો રમકડાં આપણી મહત્ત્વાકાંક્ષાઓને પણ પાંખો આપે છે. રમકડાં ન માત્ર મનને બહેલાવે છે, રમકડાં મનને બનાવે પણ છે, અને હેતુ પણ ઘડે છે. મેં ક્યાંક વાંચ્યું કે રમકડાંના સંબંધમાં ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું હતું કે, બેસ્ટ ટોય, એ હોય છે જે Incomplete હોય. એવું રમકડું જે અધૂરું હોય, અને બાળકો હળીમળીને રમત-રમતમાં તેને પૂરું કરે. ગુરુદેવ ટાગોરે કહ્યું હતું કે જ્યારે તેઓ નાનાં હતાં ત્યારે પોતાની કલ્પનાથી જ ઘરમાં મળી રહેતાં સામાનમાંથી જ પોતાના દોસ્તો સાથે પોતાનાં રમકડાં અને રમતો બનાવતા હતા. પરંતુ એક દિવસ બાળપણની એ મોજ-મસ્તીની પળોમાં મોટેરાઓની દખલ થઈ. થયું એવું કે તેમનો એક સાથી એક મોટું અને સુંદર વિદેશી રમકડું લઈને આવ્યો. રમકડાંને લઈને રોફ અનુભવતા દરેક સાથીનું ધ્યાન રમત કરતાં વધુ તે રમકડા પર ચોંટી ગયું. દરેકના આકર્ષણનું કેન્દ્ર રમત નહીં પરંતુ રમકડું બની ગયું. જે બાળક કાલ સુધી બધા સાથે રમતું હતું, બધા સાથે રહેતું હતું, હળી-મળી જતું હતું, રમતમાં ડૂબી જતું હતું, તે હવે આઘું રહેવા લાગ્યું હતું. એક રીતે અન્ય બાળકો સાથે વેગળાપણાનો ભાવ તેના મનમાં બેસી ગયો. મોંઘા રમકડાંમાં બનાવવા માટે કંઈ પણ નહોતું, શીખવા માટે પણ કંઈ નહોતું. એટલે કે એક આકર્ષક રમકડાએ એક ઉત્કૃષ્ટ બાળકને ક્યાંક દબાવી દીધો, છુપાવી દીધો, મુરઝાવી દીધો. આ રમકડાંએ ધનનું, સંપત્તિનું, સહેજ મોટાઈનું પ્રદર્શન કર્યું પરંતુ તે બાળકની ક્રિએટિવ સ્પિરિટને વધતાં અને ઘડાતાં રોકી દીધી. રમકડું તો આવી ગયું, પરંતુ ખેલ પૂરો થઈ ગયો અને બાળકોનું ખીલવાનું પણ રોકાઈ ગયું. તેથી જ ગુરુદેવ કહેતા હતા કે રમકડાં એવાં હોવાં જોઈએ જે બાળકના બાળપણને બહાર લાવે, તેની ક્રિએટિવિટીને સામે લાવે. બાળકોના જીવનનાં અલગ-અલગ પાસાંઓ પર રમકડાંઓનો જે પ્રભાવ છે, તેના પર રાષ્ટ્રીય શિક્ષા-નીતિમાં પણ ઘણું ધ્યાન આપવામાં આવ્યું છે. રમત-રમતમાં શીખવું, રમકડાં બનાવવાનું શીખવું, રમકડાં જ્યાં બને છે ત્યાંની મુલાકાત કરવી, આ બધાંને અભ્યાસક્રમનો ભાગ બનાવવામાં આવ્યો છે.

## સ્થાનિક રમકડાંની ખોવાયેલી ગરિમાને પાછી લાવી દીધી છે

સાથીઓ, આપણા દેશમાં લોકલ રમકડાંની બહુ સમૃદ્ધ પરંપરા રહી છે. કેટલાય પ્રતિભાશાળી અને કુશળ કારીગરો છે જે સારાં રમકડાં બનાવવામાં પારંગત છે. ભારતનાં કેટલાંક ક્ષેત્રો ટોય કલસ્ટર એટલે કે રમકડાંના કેન્દ્ર



તરીકે પણ વિકસિત થઈ રહ્યા છે, જેમકે કર્ણાટકના રામનગરમમાં ચન્નાપટના, આંધ્રપ્રદેશના કૃષ્ણામાં કોંડાપલ્લી, તામિલનાડુમાં તાંજોર, આસામમાં ધુબરી, ઉત્તરપ્રદેશનું વારાણસી – કેટલીયે એવી જગ્યાઓ છે, કેટલાંય નામ ગણાવી શકીએ છીએ. આપને એ જાણીને આશ્ચર્ય થશે કે વિશ્વનો રમકડાં ઉદ્યોગ ૭ લાખ કરોડ રૂપિયાથી પણ વધારેનો છે. ૭ લાખ કરોડ રૂપિયાનો આટલો મોટો વેપાર, પરંતુ ભારતનો ભાગ તેમાં બહુ જ ઓછો છે. હવે તમે વિચારો કે જે રાષ્ટ્ર પાસે આટલો વારસો હોય, પરંપરા હોય, વિવિધતા હોય, યુવા આબાદી હોય, શું રમકડાંના બજારમાં તેની ભાગીદારી આટલી ઓછી હોય, એ આપણને સારું લાગશે? જી નહીં. આ સાંભળ્યા પછી તમને પણ સારું નહીં લાગે. જુઓ સાથીઓ, ટોય ઈન્ડસ્ટ્રી બહુ જ વ્યાપક છે. ગૃહઉદ્યોગ, નાના અને લઘુ ઉદ્યોગ, એમએસએમઈ, ઉપરાંત મોટા ઉદ્યોગ અને પ્રાઈવેટ ઉદ્યમી પણ તેની હેઠળ આવે છે. તેને આગળ વધારવા માટે દેશે મળીને મહેનત કરવી પડશે. હવે જેમ કે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ્‌માં શ્રીમાન સી. વી. રાજુ છે. તેમના ગામના એતી-કોપ્પકા રમકડાં એક સમયે ઘણા પ્રચલિત હતા. તેની ખાસિયત એ હતી કે આ રમકડાં લાકડાંમાંથી બનતાં હતાં અને બીજી વાત એ કે આ રમકડાંઓમાં તમને કોઈ એન્ગલ કે ખૂણો નહીં જોવા મળે. આ રમકડાં દરેક તરફથી રાઉન્ડ હતા, તેથી બાળકોને વાગવાની પણ શક્યતા નહોતી રહેતી. સી.વી.રાજુએ એતી-કોપ્પકા રમકડાં માટે હવે પોતાના ગામના કારીગરો સાથે મળીને એક રીતે નવી ઝુંબેશ શરૂ કરી દીધી છે. સારી ક્વોલિટીના એતી-કોપ્પકા રમકડાં બનાવીને સી. વી. રાજુએ સ્થાનિક રમકડાંની ખોવાયેલી ગરિમાને પાછી લાવી દીધી છે. રમકડાં સાથે આપણે બે વસ્તુ કરી શકીએ છીએ – આપણા ગૌરવશાળી ભૂતકાળને આપણા જીવનમાં ફરી ઉતારી શકીએ છીએ અને આપણા સ્વર્ણિમ ભવિષ્યને પણ સુધારી શકીએ છીએ. હું આપણા સ્ટાર્ટ-અપ મિત્રોને, આપણા નવા ઉદ્યમીઓને કહું છું – ટીમ અપ ફોર ટોય્ઝ... આવો, મળીને રમકડાં બનાવીએ. હવે બધા માટે લોકલ રમકડાં માટે વોકલ બનવાનો સમય છે. આવો, આપણે આપણા યુવાઓ માટે કેટલાંક નવા પ્રકારનાં, સારી ગુણવત્તાવાળાં રમકડાં બનાવીએ. રમકડાં એ હોય જેની હાજરીમાં આપણું બાળપણ ખીલે પણ અને ખિલખિલાટ પણ કરે. આપણે એવાં રમકડાં બનાવીએ, જે પર્યાવરણને પણ અનુકૂળ હોય.

**હું દેશની યુવા ટેલેન્ટને કહું છું કે આપ ભારતમાં પણ ગેમ્સ બનાવો અને ભારતની પણ ગેમ્સ બનાવો**


સાથીઓ, આવી જ રીતે હવે કોમ્પ્યુટર અને સ્માર્ટફોનના આ જમાનામાં કોમ્પ્યુટર ગેમ્સનું પણ બહુ ચલણ છે. આ ગેમ્સ બાળકો પણ રમે છે, મોટાઓ પણ રમે છે. પરંતુ તેમાં પણ જેટલી ગેમ્સ હોય છે, તેની થીમ પણ મોટાભાગે બહારની જ હોય છે. આપણા દેશમાં આટલા આઈડિયા છે, આટલા કોન્સેપ્ટ છે, ઘણો સમૃદ્ધ આપણો ઈતિહાસ રહ્યો છે. શું આપણે તેના પર ગેમ્સ બનાવી શકીએ છીએ? હું દેશની યુવા ટેલેન્ટને કહું છું કે આપ ભારતમાં પણ ગેમ્સ બનાવો અને ભારતની પણ ગેમ્સ બનાવો. કહેવાય પણ છે કે – Let the games begin ! તો ચાલો, રમત શરૂ કરીએ.

સાથીઓ, આત્મનિર્ભર ભારત અભિયાનમાં વર્ચ્યુઅલ ગેમ્સ હોય, રમકડાંનું ક્ષેત્ર હોય, બધાએ બહુ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવવાની છે અને આ અવસર પણ છે. જ્યારે આજથી સો વર્ષ પહેલાં અસહયોગ આંદોલન શરૂ થયું, તો ગાંધીજીએ લખ્યું હતું કે, - ''અસહયોગ આંદોલન દેશવાસીઓમાં આત્મસન્માન અને પોતાની શક્તિની ઓળખ કરાવવાનો એક પ્રયાસ છે.''

આજે, જ્યારે આપણે દેશને આત્મનિર્ભર બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, તો આપણે પૂરા આત્મવિશ્વાસ સાથે આગળ વધવાનું છે, દરેક ક્ષેત્રમાં દેશને આત્મનિર્ભર બનાવવાનો છે. અસહયોગ આંદોલનના રૂપમાં જે બીજ વાવવામાં આવ્યું હતું, તેને હવે આત્મનિર્ભર ભારતના વટવૃક્ષમાં પરિવર્તિત કરવું આપણા બધાની જવાબદારી છે.

**કંઈક ઈનોવેટ કરો, કંઈક ઈમ્પ્લિમેન્ટ કરો. આપના પ્રયાસો, આજના નાના-નાના સ્ટાર્ટઅપ, કાલે મોટી-મોટી કંપનીઓમાં બદલાશે અને દુનિયામાં ભારતની ઓળખ બનશે**

મારા પ્રિય દેશવાસીઓ, ભારતીયોની ઈનોવેશન અને સોલ્યુશન આપવાની ક્ષમતાથી દરેક વ્યક્તિ વાકેફ છે અને જ્યારે સમર્પણભાવ હોય, સંવેદના હોય, તો આ શક્તિ અસીમ બની જાય છે. આ મહિનાની શરૂઆતમાં દેશના યુવાનોની સામે એક એપ ઈનોવેશન ચેલેન્જ રાખવામાં આવી. આ આત્મનિર્ભર ભારત એપ ઈનોવેશન ચેલેન્જમાં આપણા યુવાઓએ ભારે ઉત્સાહથી ભાગ લીધો. લગભગ ૭ હજાર એન્ટ્રી આવી, તેમાં પણ લગભગ લગભગ બે તૃતીયાંશ એપ્સ Tier two અને Tier three



શહેરોના યુવાનોએ બનાવી છે. આ આત્મનિર્ભર ભારત માટે, દેશના ભવિષ્ય માટે ઘણા જ શુભ સંકેત છે. આત્મનિર્ભર એપ ઈનોવેશન ચેલેન્જનાં પરિણામ જોઈને આપ ચોક્કસ પ્રભાવિત થશો. ઘણી તપાસ અને ચકાસણી બાદ, અલગ-અલગ કેટેગરીમાં લગભગ બે ડઝન એપને અવોર્ડ પણ આપવામાં આવ્યા છે. આપ ચોક્કસ આ એપ વિશે જાણો અને તેમની સાથે જોડાઓ. બની શકે કે આપ પણ આવું કંઈક બનાવવા માટે પ્રેરિત થઈ જાવ. તેમાં એક એપ છે, કુટુકી કિડ્સ લર્નિંગ એપ. આ નાનાં બાળકો માટેની એવી Interactive app છે જેમાં ગીતો અને વાર્તાઓના માધ્યમથી બાળકો મેથ્સ-સાયન્સમાં ઘણું બધું શીખી શકે છે. તેમાં એક્ટિવિટી પણ છે, રમત પણ છે. એવી જ રીતે એક માઈક્રો બ્લોગીંગ પ્લેટફોર્મની પણ એપ છે. તેનું નામ છે — કૂ...કે ડબલ ઓ... કૂ. તેમાં આપણે આપણી માતૃભાષામાં ટેક્સ્ટ, વીડિયો અને ઓડિયોના માધ્યમથી પોતાની વાત મૂકી શકીએ છીએ, ઈન્ટરેક્ટ કરી શકીએ છીએ. તેવી જ રીતે ચિનગારી એપ પણ યુવાઓમાં ઘણી પોપ્યુલર થઈ રહી છે. એક એપ છે Ask Sarkar. તેમાં ચેટ બોટના માધ્યમથી તમે ઈન્ટરેક્ટ કરી શકો છો અને કોઈપણ સરકારી યોજના વિશે સાચી જાણકારી મેળવી શકો છો અને તે પણ ટેક્સ્ટ, ઓડિયો અને વીડિયો ત્રણેય માધ્યમથી. તે આપની ઘણી મદદ કરી શકે છે. વધુ એક એપ છે, Step Set Go... આ ફિટનેસ એપ છે. તમે કેટલું ચાલ્યા, કેટલી કેલરી બર્ન કરી, તે બધો હિસાબ આ એપ રાખે છે અને તમને ફિટ રહેવા માટે મોટીવેટ પણ કરે છે. મેં તો આ કેટલાંક જ ઉદાહરણ આપ્યાં છે. કેટલીયે અન્ય એપ એ પણ આ ચેલેન્જ જીતી છે. કેટલીયે બિઝનેસ એપ છે, ગેમ્સની એપ છે, જેમ કે Is Equal To, Books & Expense, Zoho Workplace, FTC Talent. તમે તેના વિશે નેટ પર સર્ચ કરો, આપને ઘણી જાણકારી મળશે. આપ પણ આગળ આવો, કંઈક ઈનોવેટ કરો, કંઈક ઈમ્પ્લિમેન્ટ કરો. આપના પ્રયાસો, આજના નાના-નાના સ્ટાર્ટઅપ, કાલે મોટી-મોટી કંપનીઓમાં બદલાશે અને દુનિયામાં ભારતની ઓળખ બનશે. અને તમે એ ન ભૂલો કે આજે જે દુનિયામાં બહુ મોટી-મોટી કંપનીઓ નજરે પડે છે ને, તે પણ ક્યારેક સ્ટાર્ટ-અપ હતી.

**એક નવીન પ્રકારનો ન્યૂટ્રિશન પાર્ક બનાવવામાં આવ્યો છે**

સાથીઓ, જો આપને ગુજરાતમાં સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ ઓફ યુનિટી જવાનો મોકો મળ્યો હશે, અને કોવિડ પછી જ્યારે તે ખૂલશે અને આપને જવાનો મોકો મળશે, તો ત્યાં એક નવીન પ્રકારનો ન્યૂટ્રિશન પાર્ક બનાવવામાં આવ્યો છે. રમત-રમતમાં જ ન્યૂટ્રિશનનું શિક્ષણ, આનંદ-પ્રમોદ સાથે ત્યાં ચોક્કસ જોઈ શકો છો.

**'ભારતીય કૃષિ કોષ' તૈયાર કરવામાં આવી રહ્યો છે**

સાથીઓ, ભારત એક વિશાળ દેશ છે, ખાણી-પીણીમાં ઘણી વિવિધતા છે. આપણા દેશમાં છ અલગ-અલગ ઋતુઓ હોય છે, અલગ-અલગ ક્ષેત્રોમાં ત્યાંના મોસમ પ્રમાણે અલગ-અલગ વસ્તુઓ પેદા થાય છે. તેથી એ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે કે દરેક ક્ષેત્રનાં મોસમ, ત્યાંના સ્થાનિક ભોજન તથા ત્યાં પેદા થતા અન્ન, ફળ, શાકભાજી અનુસાર એક પોષક, nutrient rich, diet plan બને. હવે જેમ કે મીલેટ — જાડું અનાજ, રાગી છે, જુવાર છે, તે બહુ જ ઉપયોગી પોષક આહાર છે. એક ''ભારતીય કૃષિ કોષ'' તૈયાર કરવામાં આવી રહ્યો છે, જેમાં દરેક જિલ્લામાં કયા-કયા પાક થાય છે, તેની ન્યૂટ્રિશન વેલ્યૂ કેટલી છે, તેની સંપૂર્ણ માહિતી હશે. તે તમારા બધા માટે બહુ કામનો કોષ હોઈ શકે છે. આવો, આ પોષણ માસમાં પૌષ્ટિક ખાવા અને સ્વસ્થ રહેવા માટે આપણે બધાને પ્રેરિત કરીએ.

**હવે જ્યારે પણ આપ ડોગ પાળવાનું વિચારો, આપ જરૂર આમાંથી જ કોઈ ઇન્ડિયન બ્રિડના ડોગને ઘરે લઈ આવજો**

સાથીઓ, મને પણ એ જણાવવામાં આવ્યું કે ઈન્ડિયન બ્રિડના ડોગ્સ પણ ઘણા સારા હોય છે. ઘણાં સક્ષમ હોય છે. ઈન્ડિયન બ્રિડમાં મુધોલ હાઉન્ડ છે, હિમાચલી હાઉન્ડ છે, તે ઘણી જ સારી નસલ છે. રાજાપલાયમ, કન્ની, ચિપ્પીપરાઈ અને કોમ્બાઈ પણ ઘણી સારી ઈન્ડિયન બ્રિડ છે. તેમના પાલનમાં ખર્ચ પણ ઘણો ઓછો થાય છે અને તે ભારતીય માહોલમાં ઢળેલા પણ હોય છે. હવે આપણી સુરક્ષા એજન્સીઓ પણ આ ઈન્ડિયન બ્રિડના ડોગ્સને પોતાની સુરક્ષા ટીમમાં સામેલ કરી રહી છે. ગત કેટલાક સમયમાં આર્મી, સીઆઈએસએફ, એનએસજી એ મુધોલ હાઉન્ડ ડોગ્સને train કરીને ડોગ સ્ક્વોડમાં સામેલ કર્યા છે. સીઆરપીએફ એ કોમ્બાઈ ડોગ્સને સામેલ કર્યા છે. Indian Council of Agriculture Research પણ ભારતીય નસલના ડોગ્સ પર રિસર્ચ કરી રહ્યું છે. હેતુ એ જ છે કે ઈન્ડિયન બ્રિડ્સને વધુ સારા બનાવી શકાય અને ઉપયોગી બનાવી શકાય. આપ ઈન્ટરનેટ પર તેમનાં નામ સર્ચ કરો, તેના વિશે જાણો, તમે તેમની સુંદરતા, તેમની ગુણવત્તા, જોઈને અચંબિત થઈ જશો. હવે જ્યારે



પણ આપ ડોગ પાળવાનું વિચારો, આપ જરૂર આમાંથી જ કોઈ ઈન્ડિયન બ્રિડના ડોગને ઘરે લઈ આવજો. આત્મનિર્ભર ભારત જ્યારે જન-મનનો મંત્ર બની જ રહ્યું છે, તો કોઈપણ ક્ષેત્ર પાછળ કેવી રીતે છૂટી શકે.

**દેશમાં રાષ્ટ્રીય શિક્ષા-નીતિના માધ્યમથી એક મોટો બદલાવ થવા જઈ રહ્યો છે, આપણા શિક્ષક તેનો પણ લાભ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવશે**

મારા પ્રિય દેશવાસીઓ, કેટલાક દિવસો બાદ, પાંચ સપ્ટેમ્બરે આપણે શિક્ષક દિવસ મનાવીશું. આપણે બધા જ્યારે આપણા જીવનની સફળતાઓને આપણી જીવનયાત્રાને જોઈએ છીએ તો આપણને આપણા કોઈ ને કોઈ શિક્ષકની યાદ ચોક્કસ આવે છે. ઝડપથી બદલાતા સમય અને કોરોનાના સંકટકાળમાં આપણા શિક્ષકો સામે પણ સમયની સાથે બદલાવનો એક પડકાર છે. મને ખુશી છે કે આપણા શિક્ષકોએ ન માત્ર આ પડકારનો સ્વીકાર કર્યો પરંતુ તેને અવસરમાં ફેરવી પણ દીધો છે. ભણવામાં ટેકનીકનો વધુમાં વધુ ઉપયોગ કેમ થાય, નવી રીતોને કેવી રીતે અપનાવીએ, વિદ્યાર્થીઓને મદદ કેવી રીતે કરીએ, તે આપણા શિક્ષકોએ સહજતાથી અપનાવ્યું છે અને પોતાના વિદ્યાર્થીઓને પણ શિખવાડ્યું છે. આજે દેશમાં દરેક જગ્યાએ કંઈ ને કંઈક ઈનોવેશન થઈ રહ્યાં છે. શિક્ષક અને વિદ્યાર્થીઓ મળીને કંઈક નવું કરી રહ્યા છે. મને ભરોસો છે કે જેવી રીતે દેશમાં રાષ્ટ્રીય શિક્ષા-નીતિના માધ્યમથી એક મોટો બદલાવ થવા જઈ રહ્યો છે, આપણા શિક્ષક તેનો પણ લાભ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવશે.

**જે દેશ માટે ખપી ગયા, જેમનાં નામ સમયની સાથે વિસ્મૃત થઈ ગયાં, એવા મહાન વ્યક્તિઓને જો આપણે સામે લાવીશું, આઝાદીના ૭૫મા વર્ષે તેમને યાદ કરીશું તો તે તેમને સાચી શ્રદ્ધાંજલિ હશે**

સાથીઓ, અને ખાસ કરીને મારા શિક્ષક સાથીઓ, વર્ષ ૨૦૨૨માં આપણો દેશ સ્વતંત્રતાના ૭૫ વર્ષનું પર્વ ઊજવશે. સ્વતંત્રતાની પહેલાં અનેક વર્ષો સુધી આપણા દેશમાં આઝાદીની લડાઈ, તેનો એક લાંબો ઈતિહાસ રહ્યો છે. આ દરમિયાન દેશનો કોઈ ખૂણો એવો નહોતો જ્યાં આઝાદીના લડવૈયાઓએ પોતાના પ્રાણ ન્યોછાવર ન કર્યા હોય, પોતાનું સર્વસ્વ ન ત્યાગી દીધું હોય. એ બહુ જ આવશ્યક છે કે આપણી આજની પેઢી, આપણા વિદ્યાર્થીઓ આઝાદીની લડાઈ, આપણા દેશના નાયકોથી પરિચિત રહે, તેમને એટલા જ અનુભવે. પોતાના જિલ્લામાં, પોતાના વિસ્તારમાં આઝાદીના આંદોલન સમયે શું થયું, કેવી રીતે થયું, કોણ શહીદ થયું, કોણ કેટલા સમય સુધી દેશ માટે જેલમાં રહ્યું. આ વાતો આપણા વિદ્યાર્થીઓ જાણશે તો તેમના વ્યક્તિત્વમાં પણ તેનો પ્રભાવ દેખાશે. તેને માટે ઘણાં કામ કરી શકાય, જેમાં આપણા શિક્ષકોની મોટી જવાબદારી છે, જેમ કે, આપ જે જિલ્લામાં છો, ત્યાં શતાબ્દીઓ સુધી આઝાદીની લડાઈ ચાલી, તે આઝાદીની લડાઈમાં ત્યાં કોઈ ઘટના ઘટી છે કે કેમ? તેને લઈને વિદ્યાર્થીઓ પાસે રિસર્ચ કરાવી શકાય. તેને શાળાના હસ્તલિખિત અંકના રૂપમાં તૈયાર કરી શકાય. આપના શહેરમાં સ્વતંત્રતા આંદોલનથી જોડાયેલી કોઈ જગ્યા હોય તો વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને ત્યાં લઈ જઈ શકો છો. કોઈ શાળાના વિદ્યાર્થીઓ નક્કી કરી લે કે તે આઝાદીના ૭૫મા વર્ષે પોતાના ક્ષેત્રના આઝાદીના ૭૫ નાયકો પર કવિતાઓ લખશે, નાટ્યકથા લખશે. આપના પ્રયાસો દેશના હજારો-લાખો અનામી નાયકોને સામે લાવશે જે દેશ માટે જીવ્યા, જે દેશ માટે ખપી ગયા, જેમના નામ સમયની સાથે વિસ્મૃત થઈ ગયાં, એવા મહાન વ્યક્તિઓને જો આપણે સામે લાવીશું, આઝાદીના ૭૫મા વર્ષે તેમને યાદ કરીશું તો તે તેમને સાચી શ્રદ્ધાંજલિ હશે અને જ્યારે ૫ સપ્ટેમ્બરે શિક્ષક દિન મનાવી રહ્યા છીએ ત્યારે હું મારા શિક્ષક સાથીઓને જરૂર આગ્રહ કરીશ કે તેઓ આના માટે એક માહોલ બનાવે, બધાને જોડે અને બધા મળીને જોડાઈ જાય.

**કોરોના ત્યારે જ હારશે જ્યારે આપ સુરક્ષિત રહેશો, જ્યારે આપ 'દો ગજકી દૂરી, માસ્ક જરૂરી' 'બે ગજનું અંતર, માસ્ક નિરંતર', આ સંકલ્પનું સંપૂર્ણ રીતે પાલન કરશો**


મારા પ્રિય દેશવાસીઓ, દેશ આજે જે વિકાસયાત્રા પર ચાલી રહ્યો છે, તેની સફળતા સુખદ ત્યારે જ થશે જ્યારે દરેક દેશવાસી તેમાં સામેલ હોય, આ યાત્રાના યાત્રી હોય, આ પથના પથિક હોય, તેથી એ જરૂરી છે કે દરેક દેશવાસી સ્વસ્થ રહે, સુખી રહે અને આપણે મળીને કોરોનાને સંપૂર્ણપણે હરાવીએ. કોરોના ત્યારે જ હારશે જ્યારે આપ સુરક્ષિત રહેશો, જ્યારે આપ "દો ગજકી દૂરી, માસ્ક જરૂરી" "બે ગજનું અંતર, માસ્ક નિરંતર", આ સંકલ્પનું સંપૂર્ણ રીતે પાલન કરશો. તમે બધા સ્વસ્થ રહો, સુખી રહો, એ જ શુભેચ્છાઓ સાથે આગામી "મન કી બાત"માં ફરી મળીશું.

ખૂબ ખૂબ ધન્યવાદ. નમસ્કાર.

•



પ્રેરક શાહ



# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિશ્વમાં મજબૂત રીતે ઊભરતું નવું ભારત

**સાચી નિષ્ઠા તથા સમભાવની ભાવનાથી દેશહિત માટે કામ કરે છે**

શક્તિશાળી તથા મજબૂત ભારત એ વર્ષોથી દેશના નાગરિકોની અપેક્ષા રહેલી છે, પરંતુ દેશમાં લગભગ ૬ દાયકા જેટલું એકલા હાથે સત્તા ભોગવતી તાકાત માત્ર કોઈ ધર્મવિશેષનો વોટબેન્કના રૂપે આકર્ષિત કરવાના ઉદ્દેશથી કામ કરે તો એક સુદૃઢ ભારત કેવી રીતે બનાવી શકાય? દેશમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકાર સબકા સાથ સબકા વિકાસ, બહુજન હિતાય - બહુજન સુખાય, વસુધૈવ કુટુમ્બકમ્, વિવિધતામાં એકતાના મંત્રને સાર્થક કરીને સાચી નિષ્ઠા તથા સમભાવની ભાવનાથી દેશહિત માટે કામ કરે છે. સમાજના તમામ વર્ગ દલિત, શોષિત, વંચિત, પીડિત, આદિવાસી મહિલા, યુવાનો તમામને મુખ્ય ધારામાં લાવીને એમને સમાન અવસર મળે તેના માટે કટિબદ્ધ છે. વંચિતોના વિકાસ માટે અનેક જનહિતના નિર્ણયો લીધા છે.  જે રાજકીય પાર્ટીએ લગાતાર દેશને ધર્મ, જાત-પાત, ઉચ્ચ-નીચ, અમીર-ગરીબ આ તમામમાં વિભાજિત કરી રાજ કર્યું છે, ભેદભાવને આગળ વધવા પ્રોત્સાહન મળે તેવાં કામ કર્યાં છે. તે આજે સમાજને વિભાજિત કરી મસીહા બનવા માટે હોડ લગાવે છે. દેશની સત્તામાં છ દાયકાના સમય સુધી સત્તા ભોગવવાવાળાએ કેટલીક વાતનો જવાબ તો જનતાને આપવો જ પડશે.

**બેરોજગારી, જાતીય તથા ધાર્મિક ઉન્માદ, જાતિવાદ, પ્રાંતવાદ, નક્સલવાદ, ત્રાસવાદ મોદી સરકારને વિરાસતમાં ભેટ સ્વરૂપે મળ્યો હતો**

કેમ દેશની આઝાદીનાં ૭૦ વર્ષ પછી પણ દેશની દીકરીઓ, બહેનો, માતાઓ ખુલ્લામાં શૌચક્રિયા કરવા મજબૂર બની રહી? લગાતાર તેમના આત્મવિશ્વાસ તથા સ્વાભિમાન પર ઘા કરતી રહી. સાર્વજનિક સ્થાનોની સુનિયોજિત વ્યવસ્થાને અભાવે વર્તમાન સરકારે દુરસ્ત કરવી પડી રહી છે. બિનભાજપી કેન્દ્રની પાછલી સરકારે તથા રાજ્યોની કોંગ્રેસ તથા ક્ષેત્રીય દળોની રાજ્ય સરકારો દ્વારા આપણા દેશમાં બેરોજગારી, જાતીય તથા ધાર્મિક ઉન્માદ, જાતિવાદ, પ્રાંતવાદ, નક્સલવાદ, ત્રાસવાદ મોદી સરકારને વિરાસતમાં ભેટ સ્વરૂપે આપ્યો છે. પાછલા સાત દશકોથી બિન ભાજપની સરકારોએ ન તો મૂળભૂત જનસુવિધા માટે કામ કર્યું છે કે ન તો માનવજીવનનાં મૂલ્યોના ઉત્થાનની કોઈ દિશા નક્કી કરી છે. નોટબંધી, જીડીપી, પેટ્રોલ-ડીઝલના ભાવ, બેરોજગારી, રેલદુર્ઘટના જેવા મુદ્દા પર સવાર થઈને મોદીવિરોધી સરકાર પર આક્રમણ કરી સરકારની સાથે સાથે સરકારના સમર્થકોને વિચલિત કરવા પ્રયાસ કર્યા પરંતુ જનતા જનાર્દનનો પ્રધાન સેવક પર વિશ્વાસ તથા પ્રધાનમંત્રીની દેશભક્તિ પર લેશમાત્ર પણ સંદેહ ના હોવાના કારણે વિરોધી સફળ પણ ના થયા તથા પોતાની ધીરજ ગુમાવી સરકાર ઉપર જૂઠા આરોપ કરવાના પ્રયાસમાં દેશની જનતાથી દૂર થઈ ગયા. વિરોધીઓના સવાલોનું વિવેકપૂર્ણ આકલન નીચે મુજબ ઊડીને આંખે વળગે તેવું છે.

નોટબંધી જેવા સાહસિક નિર્ણય બાદ તમામ વિપક્ષ દ્વારા એક જ અવાજમાં તેની નિંદા કરી દેશના લોકોને મોદી સરકાર વિરુદ્ધમાં ભડકાવવાનો પ્રયાસ કર્યો પરંતુ વોટબેન્કની રાજનીતિ કરતા વિપક્ષ દ્વારા એ કહેવાનું સાહસ ના થયું કે આ એક સાહસિક પગલું છે. જ્યારે બીજી તરફ વોટબેન્કની નારાજગીની ચિંતાથી દૂર દેશની જનતા વચ્ચે વિશ્વાસની ઊંડાઈ સમજતી ભારતીય જનતા પાર્ટીએ પોતાના નેતા તથા દેશની જનતાની વચ્ચેના વિશ્વાસ પર ભરોસો કરીને દેશહિતના આ કાર્યને આગળ વધાર્યું.

નોટબંધીનાં દૂરગામી પરિણામ પણ આવ્યાં. બેન્કો સુધી ક્યારેય ના પહોંચતું ધન પણ બેન્કો સુધી આવ્યું. એટલું જ નહિ પરંતુ તે ખાતાધારકોની ઓળખ પણ થઈ. આ ઓળખનો પીછો કરતાં કરતાં દેશની એજન્સીઓ દેશ વિરોધી ગતિવિધિઓમાં રહેલા ખાતાધારકો સુધી પહોંચી અને એમનાં કાર્યો પર રોક લગાવી દેશદ્રોહીઓને તેમના અંજામ સુધી પણ પહોંચાડ્યા. સાથે સાથે દેશના આયકરમાં પણ વૃદ્ધિ જોવા મળી.



**મજબૂત નિર્ણયશક્તિથી બીમાર અર્થવ્યવસ્થાની જરૂરિયાત મુજબ બાયપાસ સર્જરી કરી**

જે દેશમાં ૪૦% સમાંતર અર્થવ્યવસ્થા હોય ત્યાં વિકાસના કામ કેવી રીતે થાય? UPA સરકારનાં છેલ્લા કાર્યકાળમાં પોતાના ચાહિતા લોકોને બંને હાથોથી પૈસા લુંટાવાના કારણે એન.પી.એ. તેની ચરમસીમા પાર પહોંચ્યું અને પૂરી અર્થવ્યવસ્થા ધ્વસ્ત થવાની નોબત આવી, પરંતુ નરેન્દ્ર મોદીએ વિચલિત થયા વગર મજબૂત નિર્ણયશક્તિથી બીમાર અર્થવ્યવસ્થાની જરૂરિયાત મુજબ બાયપાસ સર્જરી કરી તેથી જ દેશની અર્થવ્યવસ્થા ફરીથી પાટા પર આવી અને દેશનું વિદેશી હૂંડિયામણ રેકોર્ડ ૫૪૧ બિલિયન યુ.એસ. ડોલર પર પહોંચી ગયું છે. દેશની જનતા પણ સમજી રહી છે કે તબિયત સુધારવાના ઓપરેશનમાં થોડુંક કષ્ટ તો ઉઠાવવું જ પડશે જે ઉઠાવીને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો પૂરો સહયોગ કર્યો. આ ઓપરેશન સફળ પણ રહ્યું અને વિરોધીઓએ પોતાનું માનસિક સંતુલન ગુમાવી દીધું.

જન ધન ખાતાં ખોલાવી દેશની જનતાને બેન્કો સુધી પહોંચાડી. દેશની સુરક્ષા સુનિશ્ચિત કરવાના આશયથી વર્ષોથી પૈસા ના હોવાનું કારણ ધરી UPA સરકાર દ્વારા બંધ પડેલા રક્ષા સોદાઓ પૂરા કરવા આવશ્યક હતા તથા ભારતનાં સામરિક હિતોની રક્ષા કરવા સરકાર દ્વારા પાછળનાં ૬ વર્ષમાં લાખો કરોડોનાં રક્ષાઉપકરણો ખરીદવામાં કોઈ જ પાછી પાની થઈ નથી. ભારતની સામરિક શક્તિને અપાચે અને ચીનુક જેવા હેલિકૉપ્ટર કે રાફેલ જેવા અત્યંત ઘાતક આધુનિક લડાકુ વિમાન વાયુ સેનામાં સામેલ કરી ચીન તથા પાકિસ્તાનની રાતની ઊંઘ હરામ કરી નાખી.

**એર સ્ટ્રાઈક અને સર્જિકલ સ્ટ્રાઈક જેવાં પગલાં લઈને દેશના લોકોને પણ ગૌરવાન્વિત થવાનો અવસર આપ્યો**

દેશહિતમાં ભારતની જનતાએ થોડોક ભાર વહન કરી પોતાની સરકારને સાથ આપ્યો તો સરકાર દ્વારા પણ તેમને નિરાશ કરવામાં આવ્યા નથી. હવે આપણી સેનાએ જીપ પર સવાર થઈને પેટર્ન ટેન્કનો મુકાબલો નહિ કરવો પડે. ભારતીય સેના ઉચ્ચ કોટિની મારક ક્ષમતાવાળાં હથિયારોની સાથે ઉચ્ચ મનોબળથી યુદ્ધના મેદાનમાં જશે. વર્તમાન સરકારે દેશની વ્યવસ્થા દુરસ્ત કરીને મજબૂતાઈથી દેશને આગળ કરવાનો માર્ગ પ્રશસ્ત કર્યો છે. એટલું જ નહિ પરંતુ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ તહેવારો આર્મી કેમ્પમાં ઊજવી સેનામાં અદમ્ય આત્મવિશ્વાસ અને ઉત્સાહ વધાર્યો છે. સાથે સાથે એર સ્ટ્રાઈક અને સર્જિકલ સ્ટ્રાઈક જેવાં પગલાં લઈને દેશના લોકોને પણ ગૌરવાન્વિત થવાનો અવસર આપ્યો છે.

**ભારતીય રેલવેના ઇતિહાસમાં ૨૦૧૯નું વર્ષ એવું હતું કે જેમાં રેલવે દુર્ઘટનાથી એક પણ પેસેન્જરનું મૃત્યુ થયું ન હતું**


રેલ દુર્ઘટના પણ UPA સરકારની અણઆવડતનું પરિણામ હતું. જ્યાં રેલવે સેફટી કમિશ્નરની અનદેખી કરી ઓવરલોડેડ માલગાડી ચલાવી જેથી રેલવેના પાટા ખરાબ થઈ ગયા, જેના કારણે તેને દુરસ્ત કરવા સિવાય કોઈ વિકલ્પ રહ્યો ન હતો. જે દુરસ્તીનું કાર્ય આ સરકારે પૂર્ણ કર્યું. આ કાર્ય માટે પણ વધુ પ્રમાણમાં મૂડી તથા સમયની જરૂરિયાત રહી હતી. પેસેન્જર ટ્રેનના અકસ્માત તો હવે ઈતિહાસ બની ગયા છે. ૧૮૫૩થી શરુ થયેલ ભારતીય રેલવેના ઈતિહાસમાં ૨૦૧૯નું વર્ષ એવું હતું કે જેમાં રેલવે દુર્ઘટનાથી એક પણ પેસેન્જરનું મૃત્યુ થયું ન હતું જે મોદી સરકારની માળખાકીય સુધારાઓની નીતિઓની દેન છે. માત્ર ૨૦૧૯-૨૦ માં ૮૪ મિકેનિકલ સિગ્નલોને ઈલેક્ટ્રોનિક સિગ્નલોમાં તબદીલ કરવામાં આવ્યાં.

**'આયુષ્માન ભારત' લાગુ કરવામાં જે દેશની વસ્તીના ૪૦% લોકોને લાભાન્વિત છે તેમાં અત્યાર સુધીના ટૂંકા ગાળામાં ૧.૦૯ કરોડ લોકો લાભ લઈ ચૂક્યા**

અગાઉની સરકારોનું સ્વાસ્થ્ય બજેટ ખૂબ જ ઓછું રહેતું હતું પરંતુ મોદી સરકારને સ્વાસ્થ્ય તથા શિક્ષણનું બજેટ વધારવું પણ આવશ્યક લાગતું હતું. નવી શિક્ષા નીતિ તથા સ્વાસ્થ્ય બજેટમાં વધારો કરવાથી પણ દેશના ખર્ચમાં વધારો થયો છે. મોદી સરકાર દ્વારા દેશની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના 'આયુષ્માન ભારત' લાગુ કરવામાં જે દેશની વસ્તીના ૪૦% લોકોને લાભાન્વિત છે તેમાં અત્યાર સુધીના ટૂંકા ગાળામાં ૧.૦૯ કરોડ લોકો લાભ લઈ ચૂક્યા છે. દેશભરમાં ૧૪ નવી ટ્રિપલ આઈ.ટી., ૭ નવી આઈ.આઈ.ટી, ૭ નવી આઈ.આઈ.એમ. જેવી અનેક શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી. આઝાદી પછીના ૫૦ વર્ષમાં દેશમાં એક જ એઈમ્સ હતી જે પણ કપૂરથલાના રાજ પરિવાર દ્વારા બાંધવામાં આવેલ જે પાછળથી રાષ્ટ્રીય સંપત્તિ ઘોષિત કરેલ. જ્યારે મોદી સરકારના માત્ર ૬ વર્ષના શાસનમાં નવી ૧૪ એઈમ્સની સ્થાપના કરવામાં આવી. મોદી સરકારનો સ્પષ્ટ મત છે કે દેશના સંસાધન દેશના પ્રત્યેક વ્યક્તિ માટે છે. જનસંખ્યાનો વધતો દબાવ દેશના વિકાસમાં બાધક છે તેથી જ સૌથી વધુ ધ્યાન જનસંખ્યા નિયંત્રણ પર પણ હોવું જોઈએ નહિ તો વિકાસની પૂરેપૂરી કવાયત એમની એમ રહી જશે.

**'વંદે ભારત' મિશન, 'સમુદ્ર સેતુ' મિશન**

વિશ્વ સ્વાસ્થ્ય સંસ્થા (WHO) એ એપ્રિલ ૨૦૨૦ માં કોરોના વાઈરસનો પ્રસાર થતો રોકવા માટે મોદી સરકારે



કરેલા પ્રયત્નો અને લીધેલાં પગલાંઓની સરાહના કરી. પ્રધાનમંત્રી મોદીએ કોવિડ-૧૯ માટે સાર્ક દેશોના નેતાઓ સાથે વીડિયો કોન્ફરન્સ કરી. ભારતે કોવિડ-૧૯ માટે એક ઈમરજન્સી ફંડ ઊભું કરવાનો પ્રસ્તાવ મૂક્યો જે બધાએ સ્વીકારી પણ લીધો અને ૧૦ મિલિયન ડોલર જેટલું યોગદાન પણ ભેગું થયું. કોવિડ-૧૯ના સંકટ સમયે ભારતે સૂચના, આવશ્યક દવા, પરીક્ષણ કીટ, પીપીઈ કીટ, અનાજ વગેરેની વિશ્વના દેશોમાં અછત પૂરી કરવા સક્રિય મદદ કરી એક નેતૃત્વનો પરિચય આપ્યો. 'વંદે ભારત' મિશન હેઠળ જુલાઈ મહિનાના અંત સુધીમાં દુનિયાના અલગ અલગ દેશોમાંથી કુલ ૮,૭૮,૯૨૧ ભારતીયોને પાછા લાવવામાં આવ્યા. આ ઉપરાંત 'સમુદ્ર સેતુ' મિશન હેઠળ ભારતીય નૌસેનાના જહાજો INS મગર અને INS જલશવા દ્વારા ૩,૯૯૨ ભારતીયોને પાછા લાવવામાં આવ્યા.

**અમેરિકા ભારત સાથે ચીનની વિરુદ્ધમાં મજબૂતાઈથી સાથ આપવા છતાં રશિયાનું ભારતની સાથે અડીગ રહેવું તે મોદીજીનો કરિશ્મા અને નેતૃત્વને જ આભારી છે**

વૈશ્વિક સ્તર પર ભારતની વિદેશનીતિ એક નવું રૂપ જોઈ રહી છે. જ્યાં ભારતે પોતાના વિરોધી રાષ્ટ્રોને તેમનાં ઘરોમાં જ ઘેરી લીધાં છે. ભારતના રાજનૈતિક ઈતિહાસમાં પ્રથમ વાર ચીન દ્વારા પાકિસ્તાનની અંદર આતંકવાદી જૂથો હોવાનો સ્વીકાર કરવામાં આવેલ છે. ભારત પાકિસ્તાનને દુનિયાના બીજા દેશોથી અલગ થલગ કરવામાં કામયાબ રહ્યો. સાથે સાથે ચાઈનાની હરકતોને પણ જડબાતોડ જવાબ આપતા તથા તેની વિસ્તારવાદની નીતિને પડકારતાં વૈશ્વિક શક્તિઓને પ્રથમ વખત મહેસૂસ થયું કે ભારત એ સુપર પાવર શક્તિ બની ગયું છે. ભારત જી-૭ નો સભ્ય દેશ ના હોવા છતાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમૅન્યુએલ મેક્રોનના વિશેષ નિમંત્રણ ઉપર ૪૫મા જી-૭ સંમેલનમાં ભાગ લીધો. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવે પણ UN સિક્યુરિટી કાઉન્સિલમાં ભારતની સદસ્યતા બાબતે મદદ કરવા તૈયાર હોવાનું કહ્યું છે. મોદીએ પોતાના બીજા કાર્યકાળમાં સૌથી પહેલી વિદેશયાત્રા શ્રીલંકાથી શરૂ કરી હતી અને તાજેતરમાં જ શ્રીલંકાએ કહ્યું કે તેમની વિદેશનીતિ 'ઈન્ડિયા ફર્સ્ટ'થી પ્રેરિત રહેશે. રશિયાની યાત્રા દરમ્યાન રાષ્ટ્રપતિ પુતિને પ્રધાનમંત્રી મોદીને રશિયાનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ઓર્ડર ઓફ સેન્ટ એન્ડયુ ધ અપૉસ્ટલ' એનાયત કર્યો. ભારતે વિશ્વની ૫મી મોટી અર્થવ્યવસ્થા હોવાની સાથે સાથે વિશ્વના અનેક ઈસ્લામિક દેશોને પોતાની મજબૂતાઈનો અહેસાસ કરાવ્યો છે. મોટા મોટા ઈસ્લામિક દેશો જેવા કે આરબ, યુ.એ.ઈ, માલદીવ, અફઘાનિસ્તાન તથા ફિલિસ્તીન પોતાના દેશના સર્વશ્રેષ્ઠ સન્માન કે સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર મોદીજીને આપી ચૂક્યા છે. ૨૫ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને ''બિલ એન્ડ મલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન'' દ્વારા સ્વચ્છ ભારત અભિયાન માટે 'ગ્લોબલ ગોલકીપર એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા. વિશ્વ બેંક દ્વારા પણ ભારત દેશની ગ્રામીણ સડક યોજનાની સરાહના કરવામાં આવી. અમેરિકા ભારત સાથે ચીનની વિરુદ્ધમાં મજબૂતાઈથી સાથ આપવા છતાં રશિયા ભારતની સાથે અડીગ રહેવું તે મોદીજીનો કરિશ્મા અને નેતૃત્વને જ આભારી છે.

એટલે જ એટલું ચોક્કસ કહી શકાય કે મોદી છે તો મુમકિન છે. ભારતને કમજોર માપવું તે ચાઈનાની એક મોટી ભૂલ સાબિત થશે. દુનિયાના પશ્ચિમી દેશો તથા યુરોપ કોવિડ-૧૯ ની વૈશ્વિક મહામારીથી ગ્રસિત છે. હવે તો રશિયા પણ એની ઝપેટમાં આવી ગયું છે. આ તમામ દેશો પણ મોકો મળતાં જ ચીનનો આર્થિક રીતે કે અન્ય રીતે ઈલાજ અવશ્ય કરવા ઈચ્છશે જ. જયારે એક તરફ ચાઈના વિશ્વની નજરમાં નીચે પડી રહ્યું છે ત્યારે ભારત વસુધૈવ કુટુમ્બકમ્, વિશ્વબંધુત્વની ભાષા બોલતા માનવીય રૂખ અખત્યાર કરી વિશ્વને પોતાની તરફ આકર્ષવામાં સફળ રહ્યું. ચાઈનાના વિષયમાં એ સમજવું આવશ્યક છે કે ચીન ''કહીં પે નિગાહે, કહીં પે નિશાના''ની થિયરી પર કામ કરતું રાષ્ટ્ર છે. ચીનની આર્થિક સ્થિતિ વર્તમાનમાં ખૂબ જ ખરાબ છે. તેનો જી.ડી.પી. છેલ્લા ૨૭ વર્ષના ન્યૂનતમ સ્તર પર છે. ચીન માંગ કરતા વધારે ઉત્પાદન કરવાની સાથે સાથે વિશ્વસમુદાયની નારાજગીથી હાલમાં ખરાબ સ્થિતિમાં છે. ચાઈના ભારતને વિસ્તારવાદી નીતિ અખત્યાર કરીને ઉશ્કેરવા પ્રયત્નો કરે છે પરંતુ ચીન ભૂલી ગયું છે કે વર્તમાન નેતૃત્વ પહેલાંના શાસકો કરતાં મજબૂત ઈચ્છાશક્તિ, પોતાનાં હિતો પ્રત્યે સજાગ તથા રાષ્ટ્રપ્રેમથી ઓતપ્રોત છે.

૧૯૬૨માં તત્કાલીન પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુજીની ગાફેલ નીતિના કારણે ચીને ભારત સાથે જ વિશ્વાસઘાત કર્યો અને ભારતે હારનો સામનો કરતાં પોતાનો ભૂ-ભાગ ગુમાવવો પડ્યો જે આજે અક્સાઈ ચીન તરીકે ઓળખાય છે. તેવું મક્કમ મનોબળવાળી અને રાષ્ટ્રવાદી વિચારધારાથી ઓતપ્રોત મોદી સરકારમાં શક્ય નથી. એમાં કોઈ શક નથી કે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વની દુનિયાભરમાં પ્રશંસા થાય છે અને એટલે જ ભારતનું ગૌરવ એક નવા આયામ પર પહોંચ્યું છે અને ભારત સુપર પાવર દેશ બનવા તરફ અગ્રેસર છે.


•



ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ પોલિસી ૨૦૨૦



# ઔદ્યોગિક વિકાસને વેગ આપીને આત્મનિર્ભર ગુજરાતનું નિર્માણ



- તમે સૌ જાણો જ છો કે, ૩૧ ડિસેમ્બર - ૨૦૧૯ના રોજ ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી ૨૦૧૫ની મુદત પૂરી થઈ ગઈ છે.
- આ પોલિસીને નવી પોલિસી ઘડાય ત્યાં સુધી અથવા તો ૩૧ ડિસેમ્બર - ૨૦૨૦ બેમાંથી જે તારીખ પહેલાં આવે ત્યાં સુધી લંબાવવામાં આવી હતી.
- ઈન્ડસ્ટ્રિયલ પોલિસીની મુદત પૂરી થઈ છે ત્યારે એટલું ચોક્કસ છે કે આ પોલિસીથી રાજ્યભરમાં સર્વાંગી ઔદ્યોગિક વિકાસને સમર્થન મળ્યું છે.
- આ પોલિસીની સફળતાનું મૂલ્યાંકન કેટલાક મહત્ત્વના મુદ્દાઓ પરથી કરી શકાય છે.

૧. ભારત સરકારના જાહેર થયેલા આંકડા પ્રમાણે ૨૦૧૯માં ગુજરાત ૪૯ બિલીયન યુ.એસ.ડોલરના IEM સાથે સમગ્ર દેશમાં કુલ IEMના ૫૧% હિસ્સો ધરાવતું એક માત્ર રાજ્ય છે.

૨. ભારતમાં ૨૦૧૯ દરમિયાન પ્રપોઝડ ઈન્વેસ્ટમેન્ટ્સ (IEMs) માં ૪૮%નો વધારો થયો, તેની સામે ગુજરાતમાં ગત વર્ષની સરખામણીએ ૩૩૩%નો વધારો નોંધાયો છે. એટલે કે, સમગ્ર દેશના વધારા કરતાં ગુજરાતનો વધારો અનેકગણો વધુ છે.

મૂડીરોકાણ પણ ટેક્સ્ટાઈલ, કેમિકલ્સ, ઓટો અને ઓટો કમ્પોનન્ટ્સ, પ્લાસ્ટિક, એનર્જી અને પાવર, ફૂડ પ્રોસેસિંગ સહિતનાં વિવિધ અલગ-અલગ ક્ષેત્રોમાં થવા પામ્યું છે.

૩. ગુજરાતે પાછલા વર્ષની સરખામણીએ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં FDIના ઈનફ્લોમાં ૨૪૦% નું સૌથી વધુ નેશનલ ઈન્ક્રિમેન્ટ મેળવ્યું છે.

૪. ભારત સરકારની નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ દ્વારા જાહેર થયેલા સર્વે રિપોર્ટ પ્રમાણે, સમગ્ર દેશમાં ગુજરાતમાં બેરોજગારીનો દર પણ સૌથી ઓછો ૩.૪% છે.

૫. ૨૦૧૪-૨૦૧૫થી લઈને અત્યાર સુધીમાં ગુજરાતમાં MSMEs (લઘુ, નાના અને મધ્યમ ઉદ્યોગો)ની સંખ્યામાં ૬૦%નો વધારો થયો છે અને હાલ ગુજરાતમાં ૩૫ લાખ જેટલા લઘુ, નાના અને મધ્યમ ઉદ્યોગો છે, જેઓનો રોજગારી માટેનો સૌથી મોટો સ્રોત MSME છે અને મોટી ઈન્ડસ્ટ્રિયલ ઈકોસિસ્ટમનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો પણ MSME જ છે.


જો રાષ્ટ્રીય આંકડાઓ પર એક નજર નાંખીએ તો ગુજરાત અનેક ક્ષેત્રોમાં અન્ય રાજ્યોથી ઘણું આગળ છે તે વાત ફલિત થાય છે :

૧. ભારતના કુલ ઔદ્યોગિક ઉત્પાદનના ૧૭% હિસ્સા સાથે ઔદ્યોગિક ઉત્પાદનની બાબતમાં ગુજરાત દેશભરમાં પ્રથમ સ્થાને છે.


૨. DPIIT દ્વારા આપવામાં આવેલા 'સ્ટેટ સ્ટાર્ટ-અપ રેન્કિંગ૨૦૧૮માં ગુજરાતને બેસ્ટ પર્ફોર્મર સ્ટેટ તરીકેની માન્યતા પ્રાપ્ત થઈ છે.

૩. વર્ષ ૨૦૧૯માં ભારત સરકારના વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર થયેલા લોજિસ્ટિક્સ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ અને LEADS લોજિસ્ટિક ઈઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટ્સ ઈન્ડેક્સમાં ગુજરાતે પ્રથમ સ્થાન મેળવ્યું છે.

- ગુજરાતે ૨૦૧૯-૨૦માં પાછલા વર્ષની સરખામણીએ પ્રવર્તમાન ભાવોએ જીડીપીમાં ૧૩%ની વૃદ્ધિ મેળવી છે. ગુજરાતે સતત ડબલ ડીજીટમાં વિકાસદર હાંસલ કર્યો છે. છેલ્લાં પાંચ વર્ષોમાં, સતત કિંમતોએ સરેરાશ ૧૦.૧૪% નો વૃદ્ધિદર નોંધાવ્યો છે.



- સબસિડીની ચુકવણીની વાત કરીએ તો છેલ્લાં પાંચ વર્ષોમાં તેમાં ત્રણગણાથી વધુ વધારો થયો છે, જે રાજ્યના અવિરત વિકાસનો દિશાસૂચક છે.
- આ ગતિશીલતાને વધુ મજબૂત બનાવવા અને વિકાસદરને વધારવા માટે નવી ઇન્ડસ્ટ્રિયલ પોલિસીની રચના કરવામાં આવી છે.
- આ જ પદ્ધતિએ જો રાજ્યનો વિકાસ યથાવત્ રહે તો નવી ઈન્ડસ્ટ્રીયલ પોલિસીમાં દર વર્ષે સરેરાશ અંદાજે ૮ હજાર કરોડ આઉટ લે એટલે કે ખર્ચ થવાનો અંદાજ છે.
- નોકરીઓ, વિવિધ ક્ષેત્રોમાં વેલ્યુ એડિશન, અત્યાધુનિક ટેક્નોલોજીને અપનાવી ૪.૦ ઇન્ડસ્ટ્રી ઉત્પાદકતામાં વધારો. રિસર્ચ અને ડેવલપમેન્ટ પર ભાર મૂકીને નવીનતા આધારિત ઈકોસિસ્ટમ જેવી બાબતોને સપોર્ટ કરવા માટે કેન્દ્રિત પ્રયત્નોથી આત્મનિર્ભર ગુજરાત માટે આ નવી પોલિસી દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા છે. આપણે વિવિધ પ્રદેશો અને ક્ષેત્રોનો વધુ સંતુલિત વિકાસ થાય તે માટે સતત પ્રયત્નો કર્યા છે. આના પરિણામે આધુનિક ગુજરાતથી (Modern Gujarat) આધુનિક ભારતના (Modern India) નિર્માણનું વિઝન સાકાર થશે.
- મજબૂત અને વૈવિધ્યસભર સ્ટેકહોલ્ડર્સ સાથે સતત વાતચીત એ ગુજરાતની તાકાત છે. આ સ્ટેકહોલ્ડર્સમાં ઇન્ડસ્ટ્રી, ઇન્ડસ્ટ્રિયલ એસોસિયેશન્સ, ચેમ્બર્સ અને એકેડેમિયા (શિક્ષણ)નો સમાવેશ થાય છે.
- આપણે ૯ ટાસ્ક ફોર્સ સમિતિઓની રચના કરી હતી, આ સમિતિએ અનેક ગંભીર અને ગહન-વિશદ મીટિંગો યોજીને ચર્ચા-વિચારણાઓ કરી જેના કારણે નવી ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ પોલિસી ૨૦૨૦ માટે અનેક રચનાત્મક સૂચનો મેળવવામાં આપણને ઘણી મદદ મળી છે.
- આ પોલિસીમાં વૈશ્વિક અને રાષ્ટ્રીય ઉત્પાદનનાં વલણો તેમજ ક્ષેત્રોને ધ્યાનમાં રાખીને, ઉદ્યોગો દ્વારા સૂચવવામાં આવેલાં મોટાભાગનાં સૂચનોનો આપણે સમાવેશ કર્યો છે. આ પોલિસીમાં મુખ્યત્વે સર્વાંગી અને સંતુલિત પ્રાદેશિક વિકાસ તેમજ રોજગારીની તકોનું સર્જન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેથી આપણે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવામાં આપણું નોંધપાત્ર યોગદાન આપી શકીએ.



- આપણા આંકડાઓ પોતે જ સ્વયં બોલે છે કે, આપણા વાઈબ્રન્ટ રાજ્યએ ખૂબ ઝડપી વિકાસ સાધ્યો છે અને તે જોતાં ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ પોલિસી ૨૦૧૫ના ઘણાંખરાં ફીચર્સ આ નવી પોલિસીમાં પણ ચાલુ રાખવામાં આવ્યાં છે.

## થ્રસ્ટ સેક્ટર

વૈશ્વિક રોકાણોનાં વલણો, ઇન્ટિગ્રેટેડ વેલ્યુ ચેઈન્સને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત, એક્સપોર્ટસ, ભારત સરકારની પોલિસીઓ, નીતિ આયોગ વગેરેને ધ્યાનમાં રાખીને ૧૫ થ્રસ્ટ સેક્ટર્સની પરિકલ્પના કરવામાં આવી છે. આ થ્રસ્ટ સેક્ટર્સને બે મોટાં જૂથોમાં વિભાજિત કરવામાં આવ્યાં છે, ૧) કોર સેક્ટર્સ અને ૨) સનરાઈઝ સેક્ટર્સ.

કોર સેક્ટર્સમાં એવાં ક્ષેત્રોનો સમાવેશ થાય છે જેમાં ગુજરાત પાસે પહેલેથી જ મેન્યુફેક્ચરિંગ માટેનો મજબૂત બેઝ છે અને જેમાં વૈશ્વિક સ્તરે વધુ વેગ આપવાની સંભાવનાઓ છે, જેવાં કે ઈલેક્ટ્રિકલ અને ઇન્ડસ્ટ્રિયલ મશીનરી, ઓટોમોટિવ, એગ્રો પ્રોસેસિંગ, સિરામિક્સ, ફાર્માસ્યુટિકલ્સ વગેરે.

સનરાઈઝ સેક્ટર્સમાં એવાં ક્ષેત્રોનો સમાવેશ થાય છે, જેમાં ટેક્નોલોજિકલ પ્રગતિ માટેની નોંધપાત્ર સંભાવનાઓ છે અને સસ્ટેનેબલ આર્થિક વિકાસમાં યોગદાન આપી શકે છે, ઈલેક્ટ્રિક વાહનો, વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ્સ, ઈકો-ફ્રેન્ડલી કોમ્પોસ્ટેબલ મટીરિયલ્સ, ઇન્ડસ્ટ્રી ૪.૦ ઇક્વિપમેન્ટ, સોલારવિન્ડ ઇક્વિપમેન્ટ અને એક્સપોર્ટ આધારિત એકમો. થ્રસ્ટ સેક્ટર્સને પોલિસીના એક હિસ્સા તરીકે ઇન્ક્રિમેન્ટલ ઇન્સેન્ટિવ આપવામાં આવશે.

## કેપિટલ સબસિડી

જ્યારથી GST લાગુ કરવામાં આવ્યો ત્યારથી, ઔદ્યોગિક એકમોને તેમના ઉત્પાદિત માલના રાજ્યની અંદર વેચાણ ઉપર ‘નેટ SGST પ્રમાણે વળતર આપવામાં આવી રહ્યું હતું. તેના કારણે રાજ્યની અંદર જ વેચાયેલા માલ ઉપર



ટેક્સની ગણતરી કરવામાં આવતી મુશ્કેલીઓ સરળ કરવાનો વિચાર આ પોલિસીમાં કરવામાં આવ્યો છે. અને SGST ના વળતરોને ડિ-લિંક એટલે કે દૂર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આવો સાહસભર્યો નિર્ણય કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. હવે, મોટા ઉદ્યોગોને રાજ્યમાં ઔદ્યોગિક એકમો સ્થાપિત કરવા માટે કેપિટલ સબસિડી તરીકે ફિલ્ડ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ(FCI) એટલે કે પાત્ર મૂડીરોકાણના ૧૨% ના ધોરણે રોકડ રકમ આપવામાં આવશે. પરિણામે, વળતરની રકમના ક્લેઈમ વધુ પારદર્શક અને ચોકસાઈવાળા થશે, જેનાથી ઉદ્યોગોને ઝડપી નિર્ણયો લેવામાં મદદરૂપ થશે. કોઈપણ ઔદ્યોગિક એકમને આપવામાં વળતરની રકમની કોઈ મહત્તમ મર્યાદા રાખવામાં આવી નથી. આ નિર્ણયથી રાજ્યમાં મોટાં મૂડીરોકાણો લાવવામાં ઘણી મદદ મળશે.

| **Taluka Category** | **General Sectors** | **Thrust Sectors** |
|---|---|---|
| Category 1 | • 10% of FCI | • 12% of FCI |
| Category 2 | • 8% of FCI | • 10% of FCI |
| Category 3 | • 4% of FCI | • 6% of FCI |

- આ લાભ વાર્ષિક રૂ. ૪૦ કરોડની ટોચમર્યાદામાં ૧૦ વર્ષ સુધી આપવામાં આવશે.
- વાર્ષિક રૂ. ૪૦ કરોડની ટોચમર્યાદા હોવાના કારણે જો એકમને મળવાપાત્ર કેપિટલ સબસિડી ૧૦ વર્ષના સમયગાળાની અંદર ચુકવણી ન કરી શકાય તો આવા એકમોના કિસ્સામાં, વાર્ષિક ટોચમર્યાદા રૂ. ૪૦ કરોડ જ રહેશે તેવી શરત સાથે ૧૦ વર્ષની સમયમર્યાદામાં વધુ ૧૦ વર્ષનો વધારો કરી આપવામાં આવશે.
- વાર્ષિક રૂ. ૪૦ કરોડની ટોચમર્યાદા હોવાના કારણે જો મળવાપાત્ર કેપિટલ સબસિડી ૨૦ વર્ષના સમયગાળાની અંદર ચુકવણી ન કરી શકાય તો મળવાપાત્ર કેશ સબસિડીનું વિતરણ ૨૦ વર્ષના સમાન હપ્તાની અંદર કોઈ ટોચમર્યાદા વિના કરવામાં આવશે.

  આ ઉપરાંત, નવા ઉદ્યોગોને પાંચ વર્ષ માટે ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી ભરવામાંથી છૂટ આપવાનું ચાલુ રાખવામાં આવેલ છે. આ રીતે, ગુજરાત અન્ય રાજ્યોની સરખામણીએ રાજ્યમાં સ્થપાતા નવા ઉદ્યોગોને નોંધપાત્ર વધુ પ્રોત્સાહનો આપતું રાજ્ય બનશે.




## MSME

- MSMEની વ્યાખ્યા ભારત સરકારે કરેલી વ્યાખ્યા મુજબ કરવામાં આવશે જેથી મોટી સંખ્યામાં ઔદ્યોગિક એકમો MSME પોલિસીઓ હેઠળ કરવામાં આવેલી જોગવાઈઓનો લાભ મેળવી શકશે.
- MSMEs : સ્થાનિક MSMEsને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવાના ઉદ્દેશથી આ પોલિસીમાં MSMEs (લઘુ, નાના અને મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો છે. રાજ્ય સરકાર ટેક્નોલોજીના અપગ્રેડેશન માટે, વૈશ્વિક સ્તરે સ્વીકૃત સર્ટિફિકેશનને અપનાવવા માટે તેમજ તેમની પ્રોડક્ટસનું આંતરરાષ્ટ્રીય સ્તરે માર્કેટિંગ કરવા માટે MSMEsને સપોર્ટ કરશે.
- કેપિટલ સબસીડી : MSMEs ને પાત્ર ધિરાણની રકમના ૨૫% સુધીની અને મહત્તમ રૂ.૩૫ લાખ સુધીની કેપિટલ સબસીડી મળવાપાત્ર રહેશે.

  વધુમાં, જો પ્રોત્સાહનપાત્ર ફિક્સ્ટ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ રૂ.૧૦ કરોડથી વધુ હોય, તો તે ઔદ્યોગિક એકમને રૂ.૧૦ લાખની વધારાની કેપિટલ સબસિડી મળવાપાત્ર રહેશે.
- ઇન્ટરેસ્ટ સબસિડી : MSMEsને ૭ વર્ષના સમયગાળા સુધી પ્રતિ વર્ષ ટર્મ લોન પર લાગતા વ્યાજના દરના ૭% સુધી અને મહત્તમ રૂ.૩૫ લાખ સુધીની ઇન્ટરેસ્ટ સબસિડી મળવાપાત્ર રહેશે.

  મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં અનુસૂચિત જાતિ / જનજાતિ / શારીરિક વિકલાંગ ઉદ્યોગસાહસિકો / મહિલા ઉદ્યોગસાહસિકો / સ્ટાર્ટઅપને વધારાની ૧% ઇન્ટરેસ્ટ સબસીડી. આ ઉપરાંત, ૩૫ વર્ષની નાના યુવા ઉદ્યોગસાહસિકોને લોન મંજૂર થયાના દિવસે ૧% વધારાની ઇન્ટરેસ્ટ સબસિડી.
- સેવા ક્ષેત્રના MSMEs : રાષ્ટ્રીય જીડીપીમાં સેવા ક્ષેત્રનો





ફાળો ખૂબ મોટો છે. અન્ય પ્રાઈમરી અને સેકન્ડરી ઉદ્યોગોની સુવિધા માટે ઘણી સેવાઓ મુખ્ય ઈનપુટ્સ છે. નવી ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી ૨૦૨૦ રાજ્યમાં સ્થિત સેવા ક્ષેત્રના MSMEs ને ૭% સુધીની ઈન્ટરેસ્ટ સબસિડી આપવાની જોગવાઈ કરવામાં આવી છે, જેમાં નાણાકીય સેવાઓ, આરોગ્યલક્ષી સેવાઓ, દશ્ય-શ્રાવ્ય સેવાઓ, કંસ્ટ્રક્શન સંબંધિત એન્જિનિયરિંગ સેવાઓ, પર્યાવરણીય સેવાઓ વગેરેનો સમાવેશ થાય છે. રાજ્ય સરકાર દ્વારા મોટા પાયાના ઉદ્યોગો આધારિત સર્વિસ સેક્ટર માટેની પોલિસીના ઘડતરનું કામ ચાલી રહ્યું છે.

- MSMEs દ્વારા વિદેશી ટેક્નોલોજીઓનું સંપાદન : રાજ્ય સરકાર પહેલી વખત વિદેશી પેટન્ટેડ ટેક્નોલોજીઓને સંપાદિત એકવાયર કરવા કરવાના કુલ ખર્ચના ૯૫% સુધીની નાણાકીય સહાય પ્રદાન કરશે. (મહત્તમ રૂ.૫૦ લાખ સુધીની સહાય આપવામાં આવશે.) આના પરિણામે MSMEsની ઉત્પાદનક્ષમતા વધારવામાં અને વૈશ્વિક સ્તરે તેમને સ્પર્ધાત્મક બનાવવામાં ખૂબ મદદરૂપ થશે.
- MSMEsને બજાર વિકાસમાં સહાયતા : MSMEsને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેમનાં ઉત્પાદનોનું માર્કેટિંગ કરવા પ્રોત્સાહિત કરવા માટે, નવી ઈન્ડસ્ટ્રિયલ પોલિસી ભારતમાં યોજાયેલા એક્ઝિબિશનમાં MSMEsને સ્ટોલ નાખવાના કુલ ભાડાના ૭૫% નાણાકીય સહાય (મહત્તમ રૂ.૨ લાખ) અને ભારતની બહાર યોજાયેલા એક્ઝિબિશનમાં સ્ટોલ નાખવાના કુલ ભાડાના ૬૦% નાણાકીય સહાય (મહત્તમ રૂ. ૫ લાખ) પ્રદાન કરશે.
- MSMEsને સૂર્યઊર્જાનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવા : MSMEs એકમમાં રૂફટોપના ઉપયોગથી સોલર પાવર પ્રક્રિયાને વધુ સરળ અને આકર્ષક બનાવવાના ઉદ્દેશથી યુનિટ્સના વપરાશની ગણતરી માટેની પાવર સાયકલની ગણતરી ૧૫ મિનિટથી વધારીને સવારના ૭.૦૦ વાગ્યાથી સાંજના ૬.૦૦ વાગ્યા સુધીની કરી દેવામાં આવી છે. તદુપરાંત, MSMEs પાસેથી વધારાની સૂર્યઊર્જા (સરપ્લસ સોલર પાવર) ખરીદવા માટેની કિંમત રૂ.૧.૭૫ પ્રતિ યુનિટથી વધારીને રૂ. ૨.૨૫ પ્રતિ યુનિટ કરી દેવામાં આવી છે. વધુમાં, પ્રવર્તમાન ઉદ્યોગોમાંથી જે સૂર્યઊર્જાનો ઉપયોગ કરવાનું શરૂ કરે, તેમને ટર્મ લોન પર ઈન્ટરેસ્ટ સબસિડી આપવામાં આવશે.
- આ ઉપરાંત, જે MSME એકમો એન્ટરપ્રાઈઝ રિસોર્સ પ્લાનિંગ (ERP) અને ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી તેમજ ZED સર્ટિફિકેશન જેવા ગુણવત્તાલક્ષી સર્ટિફિકેટસ, પેટન્ટ ફાઈલિંગ જેવાં પાસાંઓ અપનાવે તેમને ઈન્સેન્ટિવ આપવામાં આવશે.

### સરકારી જમીન લાંબા ગાળાની લીઝ ઉપર આપવામાં આવશે

રાજ્યમાં સંતુલિત પ્રાદેશિક વિકાસને વેગ આપવા માટે રાજ્ય સરકાર ૫૦ વર્ષ સુધી લાંબાગાળાની લીઝ ઉપર સરકારી જમીન મેળવવામાં ઉદ્યોગોને સુવિધા પૂરી પાડશે અને ઔદ્યોગિક એકમોને જમીનની બજાર કિંમતના ૬% લીઝ રેન્ટ પર આપવામાં આવશે. આવા ઉદ્યોગો બેન્કમાંથી લોન-સહાય મેળવી શકે તે માટે જમીન મોટર્ગેઝ પણ કરવા મજૂરી આપવામાં આવશે. લીઝનો સમયગાળો જે તે સમયે પ્રવર્તતા નિયમો અનુસાર વધુ સમય માટે લગાવી શકાશે.

### સંતુલિત પ્રાદેશિક વિકાસ

રાજ્યમાં સંતુલિત પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન આપવા તમામ MSME તથા મોટા ઉદ્યોગોને જે-તે તાલુકામાં ઔદ્યોગિક વિકાસના આધારે ઈન્ટેન્સિવ આપવામાં આવશે. ઓછો ઔદ્યોગિક વિકાસ થયો હોય તેવા તાલુકામાં ઉદ્યોગોની સ્થાપના માટે વધુ પ્રોત્સાહનનો લાભ આપવામાં આવશે.

### સ્ટાર્ટ-અપ્સને સપોર્ટ

એક અહેવાલ પ્રમાણે દેશના ૪૩% ફંડેડ સ્ટાર્ટઅપ માત્ર અમદાવાદમાં છે, જેના કારણે ગુજરાત દેશનું મહત્ત્વપૂર્ણ સ્ટાર્ટઅપ હબ બન્યું છે.

- સ્ટાર્ટઅપને સીડ સપોર્ટ રૂ.૨૦ લાખથી વધારીને રૂ.૩૦ લાખ સુધીનો કરવામાં આવ્યો છે.



- સ્ટાર્ટઅપ એકમને આપવામાં આવતા સસ્ટેનન્સ એલાઉન્સને એક વર્ષ માટે રૂ. ૧૦,૦૦૦ પ્રતિ માસથી વધારીને રૂ. ૨૦,૦૦૦ કરવામાં આવ્યું છે તેમજ જે સ્ટાર્ટઅપમાં ઓછામાં ઓછા એક મહિલા સહસ્થાપક હોય તેનું સસ્ટેનન્સ એલાઉન્સ રૂ. ૨૫,૦૦૦ પ્રતિ માસ એક વર્ષ માટે કરવામાં આવ્યું છે.
- વધારામાં, સ્ટાર્ટ-અપ્સના મિડ-લેવલ પ્રી-સીરીઝ A ફંડિંગ માટે, ગુજરાત વેન્ચર ફાઈનાન્સ લિમિટેડ (GVFL) હેઠળ એક અલગ ફંડનું નિર્માણ કરવામાં આવશે. આ ઉપરાંત, સ્ટાર્ટઅપ્સને ૧% વધારાની ઈન્ટરેસ્ટ સબસીડી આપવામાં આવશે. (એટલે કે ટર્મ લોન પર ૯% સુધી.)
- સમાજમાં નોંધપાત્ર પ્રભાવ ઊભો કરી શકે તેવા સ્ટાર્ટઅપને વધારાની રૂ. ૧૦ લાખ સુધીની ગ્રાન્ટ.
- આ સાથે જ રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય માન્યતાવાળા એક્સિલરેશન પ્રોગ્રામોમાં નોંધણી માટે સ્ટાર્ટ-અપ દીઠ રૂ. ૩ લાખ સુધીની વધારાની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે.
- સોફ્ટ સ્કીલ માટે સહાય : મેનેજર કક્ષાની તાલીમ, સોફ્ટ સ્કીલ તાલીમ, માર્કેટિંગ કૌશલ્ય, ફંડરેઈઝીંગ, ફાઈનાન્સ જેવી બાબતોની તાલીમ માટે સ્ટાર્ટઅપ એકમોને રૂ.૧ લાખ સુધીનું ભંડોળ રિએમ્બર્સમેન્ટ સ્વરૂપે આપવામાં આવશે.
- માન્યતા પ્રાપ્ત નોડલ ઈન્સ્ટિટ્યૂટ્સને પ્રતિ સ્ટાર્ટઅપ દીઠ રૂ. ૧ લાખની મેન્ટોરિંગ સહાય (મહત્તમ રૂ. ૧૫ લાખ પ્રતિ વર્ષ પ્રતિ ઈન્સ્ટિટ્યૂટ) આપવામાં આવશે.

## રિલોકેશન ઇન્સેન્ટિવ્સ

કોવિડ-૧૯ની પ્રવર્તમાન પરિસ્થિતિમાં, ઘણી કંપનીઓ તેમના ઉત્પાદનના એકમ રિલોકેટ કરવાની અને/અથવા સપ્લાય ચેઈન્સમાં વિવિધતા લાવવા અંગે વિચારણા કરી રહી છે. અન્ય દેશોમાંથી રિલોકેટ (સ્થળાંતર) કરવાની યોજના બનાવી રહેલી આવી કંપનીઓને ગુજરાતમાં ઉત્પાદનના એકમ સ્થાપવા કેસ ટુ કેસ વિશેષ ઈન્સેન્ટિવ્ઝ આપશે.

## રિસર્ચ અને ઇનોવેશન


- એક મજબૂત ઔદ્યોગિક ઈકોસિસ્ટમના વિકાસમાં રિસર્ચ અને ઈનોવેશન મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેથી આપણે સભાનતાપૂર્વક રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂશન્સના વિકાસ પર ભાર મૂક્યો છે. રિસર્ચ



એન્ડ ડેવલપમેન્ટ તેમજ પ્રોડક્ટ ડેવલપમેન્ટ સેન્ટર્સ સ્થાપવા માટે આ પોલિસી ખાનગી કંપનીઓ અને સંસ્થાઓને રૂ ૫ કરોડની સહાયતા પ્રદાન કરશે.
- કોઈપણ ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રાઈસ/ઈન્ડસ્ટ્રીયલ એસોસિયેશન / માન્યતા પ્રાપ્ત આર.એન્ડ.ડી ઈન્સ્ટિટ્યૂશન / AICTE માન્ય ટેક્નિકલ કોલેજ દ્વારા કરવામાં આવેલ કોન્ટ્રાક્ટ સ્પોન્સર્ડ રિસર્ચ વર્કને પ્રોજેક્ટ ખર્ચના (જમીન અને બિલ્ડિંગ ખર્ચ સિવાય) ૫૦% જેટલી સહાય મહત્તમ રૂ. ૫૦ લાખની મર્યાદામાં આપવા અંગે વિચાર હેઠળ લઈ શકાશે.

## ઇન્ડસ્ટ્રિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ

- રાજ્યમાં પ્રાઈવેટ ઈન્ડસ્ટ્રિયલ પાર્ક્સ સ્થાપિત કરવા માટે આ પોલિસી ખાનગી ડેવલપર્સને ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટના ૨૫% (રૂ.૩૦ કરોડ સુધી) ઈન્સેન્ટિવ્ઝ આપશે. વનબંધુ તાલુકાઓના કેસમાં, ઈન્ડસ્ટ્રિયલ પાર્ક્સ સ્થાપિત કરવા માટે આ પોલિસી ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટના ૫૦% (રૂ. ૩૦ કરોડ સુધી)નો સપોર્ટ કરશે. તેનાથી ઈન્ડસ્ટ્રિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ અને લાસ્ટ માઈલ કનેક્ટિવિટીના વિકાસને સપોર્ટ મળશે.
- કલસ્ટર્સને પ્રોત્સાહન આપવા માટે, રસ્તાઓનું નિર્માણ અને અપગ્રેડેશન, વેરહાઉસની સુવિધાઓ, ફાયર સ્ટેશન્સ, અંડરગ્રાઉન્ડ યુટિલિટીસ વગેરે જેવા ઈન્ડસ્ટ્રિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ટરને સ્થાપિત કરવા માટે પ્રોજેક્ટ કોસ્ટના ૮૦% (રૂ.૨૫ કરોડ સુધી) સુધીની નાણાંકીય સહાય પ્રદાન કરવામાં આવશે.
- ઔદ્યોગિક કલસ્ટર્સના શ્રમિકો-મજૂરોને રહેવા માટે વધુ સારી સુવિધા ઉપલબ્ધ થઈ શકે તે માટે મેન્યુફેક્ચરિંગ કલસ્ટર્સમાં ડોરમેટરી હાઉસિંગ માટે ઈન્ડસ્ટ્રિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પોલિસી નીચે ૮૦% આર્થિક સહાયતા એટલે કે રૂ.૨૫ કરોડ સુધી અપાશે.



### સસ્ટેનેબલ મેન્યુફેક્ચરિંગ

- GPCB દ્વારા પ્રમાણિત થયા મુજબ "ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ દ્વારા ઓછામાં ઓછી ૫૦% વેસ્ટ રિકવરીની પદ્ધતિને અનુસરતા ઉદ્યોગોને ૫૦% (રૂ.૭૫ લાખ સુધી) કેપિટલ સબસિડી આપવામાં આવશે.
- ઉત્પાદનના સ્વચ્છ ઉપાયો માટે નાણાકીય સહાય પ્રવર્તમાન પ્રક્રિયાઓને બદલે ઉત્પાદન માટેની સ્વચ્છ અને શુદ્ધ ટેક્નોલોજીનો ઉપયોગ કરવા માટે આ પોલિસી MSMEsને પ્લાન્ટ અને મશીનરીની કિંમતના ૩૫% અને મોટા ઔદ્યોગિક એકમોને પ્લાન્ટ અને મશીનરીની કિંમતના ૧૦% (મહત્તમ રૂ.૩૫ લાખ સુધી)ના ઈન્સેન્ટિવ્સ આપશે. આવી ટેક્નોલોજીમાં કાચા માલનું સબસ્ટિટ્યૂશન અને ઓપ્ટિમાઈઝેશન, પાણીના વપરાશમાં અથવા ઊર્જાના વપરાશમાં અથવા કચરાના ઉત્પાદનમાં ઘટાડો જેવી પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.

### કોમન એન્વાયર્મેન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ

- કોમન એન્વાયર્મેન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ માટેનો સપોર્ટ કુલ પ્રોજેક્ટ કોસ્ટના પ્રવર્તમાન ૨૫% થી વધારીને ૪૦% કરવામાં આવ્યો છે, જેમાં મહત્તમ રૂ.૫૦ કરોડ સુધીની સહાયતા પ્રદાન કરવામાં આવશે.
- ગ્રીન એસ્ટેસનો વિકાસ : ગ્રીન ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ્સ સ્થાપિત કરવા માટે કે તેના રિલોકેશન માટે અથવા તો પ્રવર્તમાન પ્રદૂષણકારી ઔદ્યોગિક એકમનું રેટ્રોફિટિંગ કરીને તેને ગ્રીન ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ્સમાં ફેરવવા માટે પ્રોજેક્ટ કોસ્ટના ૨૫% (રૂ.૨૫ કરોડ સુધી)ની નાણાકીય સહાય.
- ઓછામાં ઓછા ૧૦ MSME એકમો દ્વારા સ્થાપિત સ્પેશિયલ પરપઝ વ્હીકલના કોમન બોઈલર પ્રોજેક્ટને ફિક્સ્ડ એસેટ્સના ખર્ચના ૫૦% જેટલું ઈન્સેન્ટિવ રૂ. ૨ કરોડની મર્યાદામાં આપવામાં આવશે.

### કૌશલ્ય અને તાલીમ અંગે સપોર્ટ

રાજ્યનાં વિવિધ ક્ષેત્રોમાં ઉદ્યોગોની કૌશલ્ય અંગેની જરૂરિયાત અને તેની સામે ઉપલબ્ધ કામદારો વચ્ચેના ગેપનું વિશ્લેષણ હાથ ધરવામાં આવશે. તેના દ્વારા સ્થાનિક વસ્તીને સંબંધિત કૌશલ્યની તાલીમ આપવા માટેનો રોડમેપ તૈયાર કરવામાં મદદ મળશે અને તે રીતે આ ગેપને પૂર્ણ કરી શકાશે.

આ સાથે જ સ્કિલ ડેવલપમેન્ટ એન્કર ઈન્સ્ટિટ્યૂટ્સ, સ્પેશિયલાઈઝ્ડ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર્સ, સ્કિલ અપગ્રેડેશન સેન્ટર્સ વગેરેની સ્થાપના માટે રાજ્ય સરકાર નાણાકીય સપોર્ટ પણ આપશે. આ પોલિસી કૌશલ્યવૃદ્ધિ માટે વ્યક્તિદીઠ એક તાલીમના રૂ.૧૫,૦૦૦ સુધીના પ્રોત્સાહન આપશે.

- રાજ્યની અંદર અને રાજ્યની બહાર માલની સરળતાથી હેરફેર સુનિશ્ચિત કરવા માટે તેમજ એક્સપોર્ટ્સમાં વધારો કરવા માટે રાજ્ય સરકાર દ્વારા એક સમર્પિત સંસ્થા "ગરૂડ" (GARUD)ની રચના કરવામાં આવી છે. આ સંસ્થા હેઠળ નિર્માણ કરવામાં આવેલું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉદ્યોગોને ઉત્પાદન ખર્ચ ઓછો કરવામાં મદદ કરશે અને તેથી અન્ય વિકાસશીલ અર્થવ્યવસ્થાઓ સામેની સ્પર્ધાત્મકતામાં વધારો થશે.
- સરકાર સંબંધિત તમામ પ્રશ્નો અને મંજૂરીઓ માટે એક સિંગલ પોઈન્ટ કોન્ટેક્ટ તરીકે રોકાણકારો માટે ઈન્ડસ્ટ્રિયલ એક્સટેન્શન બ્યૂરો (iNDEXTb) દ્વારા ડેડિકેટેડ રિલેશનશીપ મેનેજર્સ નોમિનેટ કરવામાં આવશે.
- ઈન્વેસ્ટમેન્ટ ફેસિલિટેશન પોર્ટલ (IFP) -મેગા ઓનલાઈન પરમિશન : ઈન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ સ્ટેટ સિંગલ વિંડોમાંથી લગભગ ૫ લાખ અરજીઓ પ્રોસેસ કરવામાં આવી છે. રાજ્યમાં ઈઝ ઑફ ડુઇંગ બિઝનેસના વાતાવરણને વધુ મજબૂત કરવા માટેનું એક માળખું તૈયાર કરવામાં આવી રહ્યું છે, જેના માટે રોકાણકારોને રાજ્યો સંબંધિત વિવિધ ૨૬ મંજૂરીઓ અને અનુપાલન માટે માત્ર એક જ અરજી ફોર્મ સબમિટ કરવાની જરૂર રહેશે.
- સેન્ટ્રલાઈઝ્ડ ઈન્સ્પેક્શન સિસ્ટમ : રાજ્યમાં પારદર્શિતા અને ઈઝ ઓફ ડૂઇંગ બિઝનેસને વેગ આપવા સેન્ટ્રલાઈઝ્ડ ઈન્સ્પેક્શન સિસ્ટમનો નવતર પ્રયોગ હાથ ધરવામાં આવેલો છે.
- પાઈપલાઈનમાં હોય તેવા ઉદ્યોગો માટે : અગાઉની-૨૦૧૫ની પોલિસી અંતર્ગત જે પ્રોજેક્ટ્સ અમલીકરણના વિવિધ તબક્કે છે એવા પ્રોજેક્ટ્સને ઉત્પાદનમાં જવા અને પ્રોજેકટ પૂર્ણ કરવા નવી ઈન્ડસ્ટ્રીયલ પોલિસી જાહેર થયાના ૧ વર્ષ સુધીમાં કાર્યરત કરવાનો સમય આપવામાં આવશે. જ્યારે કોમન ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ્સને પ્રોજેક્ટ પૂર્ણ કરવા નવી ઈન્ડસ્ટ્રીયલ પોલિસી જાહેર થયાના બે વર્ષમાં કાર્યરત કરવાનો સમય આપવામાં આવશે. •



**સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે જગતજનની 'મા અંબા'નાં દર્શન કરી તેમના ઉત્તર ગુજરાતના સંગઠનાત્મક પ્રવાસની શરૂઆત કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ**



# મને ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાની ક્ષમતા ઉપર ભરોસો છે - શ્રી સી. આર. પાટીલ

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે 'મા અંબા'નાં દર્શન કરીને તેમના ઉત્તર ગુજરાતના સંગઠનાત્મક પ્રવાસની શરૂઆત કરી. અંબાજી ખાતે ભાજપાના અગ્રણીશ્રીઓ અને સ્થાનિક ભાજપા સંગઠનના હોદ્દેદારશ્રીઓ, કાર્યકર્તાઓ દ્વારા તેમનું હર્ષોલ્લાસ સાથે સ્વાગત-અભિવાદન કરવામાં આવ્યું તેમજ ઢોલ-નગારાં વગાડી, પરંપરાગત વેશભૂષામાં સાંસ્કૃતિક નૃત્યો સાથે તેમના અંબાજી ખાતેના આગમનને વધાવી લેવામાં આવ્યું. આ પ્રસંગે પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયા, પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઈ ઝડફિયા, પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી હરિભાઈ ચૌધરી, સાંસદશ્રી પરબતભાઈ પટેલ, પૂર્વ મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી, પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યા, પ્રદેશ મંત્રીશ્રી પ્રદીપસિંહ વાઘેલા, પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ ડૉ. ઋત્વિજભાઈ પટેલ સહિતના અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અંબાજીથી ભાજપા કાર્યકર્તાઓ, સમર્થકો, શુભેચ્છકોની ગાડીઓના વિશાળ કાફલા સાથે પાલનપુર પહોંચેલા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલનું બનાસકાંઠા જિલ્લા ભાજપા સંગઠનના કાર્યકરો દ્વારા ઢોલ-નગારાં વગાડી, ફટાકડા ફોડી હર્ષોલ્લાસ સાથે ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. વિશાળ કાર રેલી સ્વરૂપે શ્રી સી. આર. પાટીલ બાબાસાહેબ આંબેડકર ભવન, પાલનપુર ખાતે પહોંચ્યા હતા, જ્યાં સ્થાનિક ભાજપા હોદ્દેદારશ્રીઓ, વિવિધ સામાજિક સંસ્થાના અગ્રણીશ્રીઓ, વિવિધ એસોસિયેશનના પદાધિકારીશ્રીઓ દ્વારા ફૂલહાર, મોમેન્ટો આપી તેમજ શાલ ઓઢાડી તેમનું સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું.


શ્રી સી. આર. પાટીલે તેમનું ભવ્ય સ્વાગત કરવા બદલ સૌ કાર્યકર્તાઓનો સહૃદય આભાર વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે, આપ સૌનો ઉત્સાહ જોઈને મને અનહદ આનંદ થયો છે, આ જ પ્રકારના ઉત્સાહ સાથે અથાક પરિશ્રમ કરીને તમામ પડકારો ઝીલીને આપણે સૌએ સાથે મળી ઐતિહાસિક વિજય તરફ કૂચ કરવાની છે, મને ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાની ક્ષમતા ઉપર ભરોસો છે.શ્રી સી. આર. પાટીલે કોરોના મહામારીની વિષમ પરિસ્થિતિમાં પણ જનસેવાનું અદ્‌ભુત કાર્ય કરવા બદલ પાલનપુર શહેરના ભાજપા કાર્યકર્તાઓને બિરદાવ્યા હતા.

પાલનપુર પહોંચ્યા પૂર્વે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલનું દાંતા, જલોતરા અને રૂપપુરા-ઢેલાણાં ખાતે સ્થાનિક અગેવાનશ્રીઓ અને ભાજપા કાર્યકર્તાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

## પાટણ જિલ્લા ભાજપા કાર્યાલય ખાતે નવીન કોન્ફરન્સ હોલનું લોકાર્પણ કરવામાં આવ્યું

ઉત્તર ગુજરાતના સંગઠનાત્મક પ્રવાસના બીજા દિવસે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલના વરદ હસ્તે અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાની ઉપસ્થિતિમાં પાટણ જિલ્લા ભાજપા કાર્યાલય ખાતે નવીન કોન્ફરન્સ હોલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે પાટણ ખાતે ભારતના



ભવ્ય સાંસ્કૃતિક વારસાની ઝાંખી કરાવતી વર્લ્ડ હેરિટેજ સાઈટ 'રાણીની વાવ'ની મુલાકત કરી હતી તેમજ પાટણ ખાતે વીર માયાની ટેકરી અને નગરદેવી કાલિકા માતાનાં દર્શન કર્યાં હતાં. પાટણ જિલ્લાના બાલીસણા ખાતે અને મહેસાણા જિલ્લાના સિંહી ખાતે તેઓશ્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

## મહેસાણા ખાતે મહેસાણા જિલ્લા ભાજપાની સંગઠનલક્ષી બેઠક યોજાઈ

**ગરમીનું વાતાવરણ હોવા છતાં ભાજપાના કાર્યકર્તાઓએ અભૂતપૂર્વ જોમ અને ઉત્સાહ સાથે ઠેર ઠેર સ્વાગત કર્યું છે તે બદલ હું મહેસાણા સહિત ઉત્તર ગુજરાતના પ્રત્યેક ભાજપા કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કરું છું - શ્રી સી. આર. પાટીલ**

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં તેમજ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં મહેસાણા ખાતે મહેસાણા જિલ્લા ભાજપાની સંગઠનલક્ષી બેઠક યોજાઈ.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, ગરમીનું વાતાવરણ હોવા છતાં ભાજપાના કાર્યકર્તાઓએ અભૂતપૂર્વ જોમ અને ઉત્સાહ સાથે ઠેર ઠેર સ્વાગત કર્યું છે તે બદલ હું મહેસાણા સહિત ઉત્તર ગુજરાતના પ્રત્યેક ભાજપા કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કરું છું. ગ્રાઉન્ડ લેવલે સંપૂર્ણ સક્રિયતા સાથે અથાગ પરિશ્રમ કરતો ભાજપાનો કાર્યકર્તા જ ભાજપાની તાકાત છે. ભાજપાનો કાર્યકર્તા હંમેશાથી પક્ષ માટે ખંતપૂર્વક, પ્રામાણિકતાથી કાર્ય કરતો આવ્યો છે તેના પરિણામે જ આજે મહેસાણા જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં ભાજપા મજબૂત બન્યું છે અને અનેક વિજયો હાંસલ કર્યા છે.

શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૧૯૯૫થી જનતાના આશીર્વાદથી સતત ભાજપાની સરકાર છે જ પણ આગામી વિધાનસભાની ચૂંટણીમાં આપણે વધુ સુનિયોજિત રીતે આયોજન કરી, મતદારયાદીના પ્રત્યેક પેજની પેજકમિટી બનાવીને ચૂંટણી લડીને તમામ ૧૮૨ બેઠકો પર ભાજપાની વિજયપતાકા લહેરાવવાની છે. શ્રી સી. આર. પાટીલે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારની ૪૦૦ જેટલી જનકલ્યાણકારી યોજનાઓ તેમજ ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના વડપણ હેઠળ રાજ્ય સરકારની વિવિધ જનહિતની યોજનાઓનો લાભ વધુ ને વધુ નાગરિકોને અપાવવા આહવાન કર્યું હતું.

**મને સંપૂર્ણ વિશ્વાસ છે કે પ્રદેશ ભાજપાના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલના નેતૃત્વમાં રાજ્યનું ભાજપા સંગઠન વધુ મજબૂત બનશે - નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, મને સંપૂર્ણ વિશ્વાસ છે કે પ્રદેશ ભાજપાના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલના નેતૃત્વમાં રાજ્યનું ભાજપા સંગઠન વધુ મજબૂત બનશે. શ્રી સી. આર. પાટીલ સમગ્ર દેશમાં સૌથી વધારે લીડથી લોકસભામાં ચૂંટાઈ આવ્યા છે ત્યારે તેમની સંગઠનની સૂઝબુઝ, માઈક્રો પ્લાનિંગ, ટેક્નોલોજી આધારિત વ્યવસ્થાપનને કારણે આગામી સમયમાં ભાજપા ગુજરાતમાં નવાં શિખરો સર કરશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

## શ્રી ઉમિયા માતાજી મંદિર, ઊંઝા ખાતે દર્શન કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલનું ઊંઝા અને મહેસાણા ખાતે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાની ઉપસ્થિતિમાં ભવ્ય સ્વાગત-અભિવાદન કાર્યક્રમ યોજાયો. ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે ઊંઝા ખાતે શ્રી ઉમિયા માતાજી મંદિરે દર્શન કર્યાં હતાં. જ્યાં દર્શન બાદ તેમની રજતતુલા કરવામાં આવી હતી. આ રજતને શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ટ્રસ્ટને દાનમાં આપવામાં આવી હતી. ઊંઝા ખાતે શ્રી સી. આર. પાટીલે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ટ્રસ્ટના આગેવાનશ્રીઓ અને ટ્રસ્ટીઓ સાથે શુભેચ્છા બેઠક કરી હતી.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના તરભ ખાતે શ્રી વાળીનાથ મહાદેવ મંદિરે દર્શન કર્યાં હતાં જ્યાં ગુજરાત રાજ્યના સમસ્ત માલધારી સમાજ દ્વારા તેમની ૧૦૧ કિલો રજતથી રજતતુલા કરવામાં આવી હતી. શ્રી સી. આર. પાટીલે વાળીનાથ મંદિરના પ.પૂ.ધધુ શ્રી બળદેવગીરી બાપુના આશીર્વાદ મેળવ્યા હતા. માલધારી સમાજના વિવિધ આગેવાનો દ્વારા તેમનું સ્વાગત-અભિવાદન કરવામાં આવ્યું હતું. શ્રી સી. આર. પાટીલે તેમનું સ્વાગત કરવા બદલ સમસ્ત માલધારી સમાજનો આભાર વ્યક્ત કર્યો હતો. ત્યાંથી મહેસાણા પહોંચતા પૂર્વે ભાંડુ ખાતે



શ્રી સી. આર. પાટીલનું મહેસાણા જિલ્લાના ભાજપા કાર્યકર્તાઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યાંથી તેઓ ભાજપા કાર્યકર્તાઓ, શુભેચ્છકો, સમર્થકો સાથે મહેસાણા પહોંચ્યા હતા જ્યાં ઠેર ઠેર તેમનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

## પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બર નિમત્તે ૧૪ થી ૨૦ સપ્ટેમ્બર સુધી આયોજિત 'સેવા સપ્તાહ' કાર્યક્રમ - શ્રી ભીખુભાઈ દલસાણિયા



પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાએ 'શિક્ષક દિન' નિમિત્તે પૂર્વ રાષ્ટ્રપતિશ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણનું સ્મરણ કરી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને ૩૨ વર્ષ પછી નવી શિક્ષણનીતિ જાહેર કરવા બદલ અભિનંદન પાઠવ્યાં હતાં. 'પરહિત સમાન નહીં ધરમાઈ-પરપીડા સમ નહીં અધમાઈ'-ચોપાઈ દ્વારા સંત શ્રી તુલસીદાસજીનું સ્મરણ કરીને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બર નિમત્તે ૧૪ થી ૨૦ સપ્ટેમ્બર સુધી આયોજિત 'સેવા સપ્તાહ' કાર્યક્રમ અંતર્ગત દિવ્યાંગોને ટ્રાઈસિકલ, હિયરિંગ મશીન સહિતની સહાય, પર્યાવરણના જતન માટે દરેક બૂથમાં ઓછામાં ઓછા ૭૦ વૃક્ષોનો વૃક્ષારોપણ કાર્યક્રમ, નોન કોવિડ હોસ્પિટલમાં દર્દીઓને ફળ વિતરણ, આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા કાર્યક્રમ, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરક જીવન આધારિત વર્ચ્યુઅલ વક્તૃત્વ સ્પર્ધા સહિતના વિવિધ કાર્યક્રમોના આયોજન વિશે માર્ગદર્શન આપ્યું હતું. પરહિત જેવો બીજો કોઈ ધર્મ નથી, કોઈપણ જરૂરિયાતમંદની સેવા કરવી એ જ સૌથી મોટો ધર્મ છે.

તેમણે જણાવ્યું હતું કે, ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા રાષ્ટ્રહિતને કેન્દ્રમાં રાખી, પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીના એકાત્મ માનવતાવાદ, વસુધૈવ કુટુંબકમ્‌ના ભાવથી સદાય જન જનની પડખે ઊભો રહે છે. કોંગ્રેસે હંમેશા દેશના ગરીબોનો ફક્ત વોટબેંક તરીકે જ ઉપયોગ કર્યો છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ગરીબોને મુખ્ય પ્રવાહમાં લાવી તેમને પણ સમાન તક મળે તે પ્રમાણેની યોજનાઓ અમલી બનાવી છે. શ્રી દલસાણિયાએ વિવિધ સંગઠનાત્મક મુદ્દે છણાવટ કરીને કાર્યકર્તાઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

## અરવલ્લી જિલ્લાની ભાજપા સંગઠનની બેઠકો યોજાઈ


ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાની ઉપસ્થિતિમાં હિંમતનગર ખાતે સાબરકાંઠા જિલ્લાની તેમજ મોડાસા ખાતે અરવલ્લી જિલ્લાની ભાજપા સંગઠનની બેઠક યોજાઈ.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે તેમના અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા કોઈપણ લક્ષ્યને હાંસલ કરવા માટે સક્ષમ છે. સ્થાનિક સ્વરાજ્યની, વિધાનસભાની કે લોકસભાની કોઈ પણ ચૂંટણીમાં ભાજપાનો કાર્યકર્તા ઘરે ઘરે જઈને ભાજપાનો પ્રચાર કરીને ભાજપા તરફી વધુમાં વધુ મતદાન કરાવીને ભાજપાના ઉમેદવારનો વિજય સુનિશ્ચિત કરે છે. સંગઠિત અને સક્રિય કાર્યકર્તા ભાજપાની શક્તિ છે. ભાજપા કાર્યકર્તાઓએ પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને કરેલા પ્રામાણિક પ્રયાસોના ફળસ્વરૂપે જ ૧૯૯૫થી સતત રાજ્યમાં ભાજપાની સરકાર છે અને લોકસભાની ચૂંટણીમાં સતત બે વખત આપણે તમામ ૨૬ બેઠકો જીતવામાં સફળ થયા છીએ.

શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા મતદારયાદીના પોતાના બુથના પેજ ઉપર પેજપ્રમુખની જવાબદારી નિભાવી વધુમાં વધુ મતો પર ભાજપનું સમર્થન મેળવવા પરિશ્રમ કરે. પેજથી બુથ પર, બુથથી મંડલ, મંડલથી જિલ્લા અને જિલ્લાથી વિસ્તારની વિધાનસભા બેઠકો પર વિજય નિશ્ચિત કરી આગામી વિધાનસભા ચૂંટણીમાં આપણે ઐતિહાસિક વિજય મેળવવામાં અવશ્ય સફળ થઈશું.

શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, ભાજપાનો પ્રત્યેક કાર્યકર રાજકીય કાર્યકર્તા તરીકેની જવાબદારી ઉપરાંત એક સામાજિક કાર્યકરની જવાબદારી પણ હંમેશાથી નિભાવતો આવ્યો છે. ભાજપાના દરેક કાર્યકર્તા દ્વારા કેંદ્ર તેમજ રાજ્યની ભાજપા સરકારની લોકોપયોગી યોજનાઓની માહિતી છેવાડાના માનવી સુધી પહોંચાડવાની તેમણે હિમાયત કરી હતી. તેમણે આગામી સમયમાં આવનાર વિવિધ ચૂંટણીઓ અંગે વિવિધ મુદ્દે છણાવટ કરીને સંવાદ સેતુના માધ્યમથી પરામર્શ કરીને જરૂરી સૂચનો સાથે માર્ગદર્શન આપ્યું હતું.

•



# લોકડાઉન દરમિયાન ગુજરાત ભાજપાના લાખો કાર્યકર્તાઓ દ્વારા ‘સેવા હી સંગઠન’ના ભાવ સાથે કરવામાં આવેલ ઐતિહાસિક સેવાયજ્ઞની માહિતીની ઈ-બૂકનું લોકાર્પણ

‘શ્રી કમલમ્’ ખાતે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલના વરદ હસ્તે તેમજ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા અને વરિષ્ઠ ભાજપા અગ્રણીશ્રી સુરેન્દ્રકાકાની ઉપસ્થિતિમાં લોકડાઉન દરમિયાન ગુજરાત ભાજપાના લાખો કાર્યકર્તાઓ દ્વારા ‘સેવા હી સંગઠન’ના ભાવ સાથે કરવામાં આવેલ ઐતિહાસિક સેવાયજ્ઞની માહિતીનું સંકલન કરીને બનાવવામાં આવેલ ઈ-બૂકનું લોકાર્પણ કરવામાં આવ્યું.

**લોકડાઉનના સમયમાં રાજ્યના જરૂરિયાતમંદની સેવામાં ખડેપગે રહી શક્ય તમામ મદદ કરનાર ભાજપાના પ્રત્યેક કાર્યકરે માનવતાના ભાવથી કરેલા ઐતિહાસિક સેવાકાર્યોને બિરદાવી અભિનંદન પાઠવું છું**
**- શ્રી વિજયભાઈ રૂપાણી**

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે કોરોનાની ગંભીર પરિસ્થિતિ દરમિયાન લોકડાઉનના સમયમાં રાજ્યના જરૂરિયાતમંદની સેવામાં ખડે પગે રહી શક્ય તમામ મદદ કરનાર ભાજપાના પ્રત્યેક કાર્યકરે માનવતાના ભાવથી કરેલાં આ ઐતિહાસિક સેવાકાર્યોને બિરદાવી સૌ કાર્યકર્તાઓને તેમજ ગુજરાત ભાજપાના કાર્યકર્તાઓએ કરેલા આ સેવાયજ્ઞને ડિજિટલ સ્મૃતિસ્વરૂપે સંગ્રહ કરવા અને આગામી પેઢી તેમાંથી પ્રેરણા લઈ શકે તે માટે તૈયાર કરાયેલી ઈ-બૂકના નિર્માણ સાથે સંકળાયેલા તમામ કાર્યકર્તાઓ અને આગેવાનશ્રીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

### સેવા એજ સંગઠન

- ૧,૬૦,૮૦,૩૪૭ ભોજન પેકેટ જરૂરિયાતમંદો સુધી પહોંચાડાયા
- ૨૧,૯૦,૦૭૮ રાશનકીટ વિતરણ
- ૫૨,૫૦,૨૧૪ માસ્કનું વિતરણ
- ૨,૮૬,૮૭૫ વૃદ્ધ, બીમાર અને નિસહાય લોકોને મદદ પહોંચાડવામાં આવી
- કુલ ૧,૮૨,૭૦,૪૨૫ લાભાર્થીઓને સેવા પહોંચાડાઈ
- ૩,૦૧,૧૯૨ કાર્યકર્તાઓ દ્વારા PM Cares Fundમાં ૧૪,૦૦,૯૮,૯૮૯ રૂપિયાની ધનરાશિનું યોગદાન અપાયું
- ૧૯,૦૮,૧૨૬ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરાવવામાં આવી
- કોરોના યોદ્ધાઓને ધન્યવાદ આપવા માટે ૧૬,૫૯૭ બુથો પર હસ્તાક્ષર અભિયાન
- ૪૨,૪૮૭ કાર્યકર્તાઓ સેવાકીય પ્રવૃત્તિઓમાં સામેલ થયા
- ૨૭૨ રક્તદાન કેમ્પ, ૧૬,૬૦૦ દાતાઓએ રક્તદાન કર્યુ
- કોરોના સંકટ વચ્ચે જનતા અને કાર્યકર્તાઓ સુધી પહોંચવા માટે ભાજપ બન્યું વર્ચ્યુઅલ
- કુલ વીડિયો કોન્ફરન્સ ૩૦૪
- કુલ સહભાગી ૫૫,૦૯૯
- કુલ ઓડિયો બ્રિજ ૨૧૪
- કુલ સહભાગી ૭૧,૧૭૭

શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, ભાજપા માટે સત્તા સેવાનું માધ્યમ છે, ભાજપાના પ્રત્યેક કાર્યકર્તા માટે મને ગર્વ છે. કોરોનાએ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવ્યો ત્યારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દીર્ઘદૃષ્ટિ અને દૂરંદેશિતા સાથે સમયસર આયોજનબદ્ધ રીતે જે પગલાં લીધાં તેમજ સૌ ગુજરાતવાસીઓના સહિયારા પ્રયાસોના પરિણામસ્વરૂપ આજે ગુજરાતમાં કોરોનાને નાથવા માટે, ડેથ રેટ ઓછો કરવા માટે, પરિણામલક્ષી કાર્ય કરવામાં સફળ થયા છીએ.

**રાજ્યના નાના ગામડાથી લઈને મહાનગર સુધી ભાજપના કાર્યકર્તાઓએ જનસેવાના ભાવથી ફૂડ પેકેટ, રાશન કીટ, ફેસકવર, સેનિટાઈઝર સહિતની ચીજવસ્તુઓનું ખૂબ જ મોટી માત્રામાં વિતરણ કરી માનવતાની એક અદ્ભુત મિસાલ કાયમ કરી છે - શ્રી સી. આર. પાટીલ**

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, વૈશ્વિક મહામારી કોરોના વાયરસની વિકટ પરિસ્થિતિમાં ગુજરાત ભાજપાનો પ્રત્યેક કાર્યકર જરૂરિયાતમંદની સેવા કરવામાં અગ્રેસર રહ્યો તે વાતનો મને અનહદ આનંદ છે. ગુજરાત ભાજપાના પ્રત્યેક કાર્યકરે કોરોના મહામારીની આ પરિસ્થિતિમાં ડર્યા વગર, ડગ્યા વગર, સુનિશ્ચિત આયોજન સાથે વધુમાં વધુ જરૂરિયાતમંદની સેવા કરી છે, પ્રવાસી શ્રમિકોની સગવડતા માટે પણ અનેક પ્રયાસો કર્યા છે. તેમણે ‘ઈ-બૂક’ના નિર્માણ સાથે સંકલિત તમામ કાર્યકર્તાઓ અને આગેવાનશ્રીઓને ભાજપાના કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવેલ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓને સુંદર રીતે ડિજિટલ સ્વરૂપે સંગ્રહ કરવામાં પોતાનું યોગદાન આપવા બદલ અભિનંદન પાઠવ્યાં હતાં.



**ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં તેમજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્', ગાંધીનગર ખાતે પૂર્વ મંત્રીશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, વિધાનસભા ચૂંટણીમાં જીત મેળવવામાં સફળ ન થયા હોય તેવા ભાજપાના ઉમેદવારો સાથેની બેઠક યોજાઈ**

# સૌ કાર્યકર્તાઓની પરિશ્રમની પરાકાષ્ઠા, સમન્વય, માઈક્રોપ્લાનીંગ, અસરકારક વ્યવસ્થાપન દ્વારા આપણા સૌના સામૂહિક પ્રયત્નોથી વિધાનસભાની ચૂંટણીમાં તમામ ૧૮૨ બેઠકો ઉપર વિજય મેળવવો પણ શક્ય છે - શ્રી સી. આર. પાટીલ

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં તેમજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્', ગાંધીનગર ખાતે પૂર્વ મંત્રીશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, વિધાનસભા ચૂંટણીમાં જીત મેળવવામાં સફળ ન થયા હોય તેવા ભાજપાના ઉમેદવારો સાથેની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયા, ભાજપા વરિષ્ઠ અગ્રણીશ્રી અને પ્રદેશ કોષાધ્યક્ષશ્રી સુરેન્દ્રકાકા, પ્રદેશ મહામંત્રીશ્રીઓ શ્રી ભરતસિંહ પરમાર, શ્રી કે.સી.પટેલ, શ્રી શબ્દશરણ બ્રહ્મભટ્ટ સહિતના પ્રદેશ હોદ્દેદારશ્રીઓ અને પ્રદેશ અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**આપણે સૌએ સંપૂર્ણ સમર્પણ સાથે ભાજપાની વિકાસવાદી અને રાષ્ટ્રવાદી વિચારધારાને જનજન સુધી પહોંચતી કરવાના ઉદ્દેશ સાથે પંચનિષ્ઠાથી કાર્ય કરી સતત કાર્યશીલ રહેવાનું છે**
**- શ્રી વિજયભાઈ રૂપાણી**

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, આપણે સૌએ સંપૂર્ણ સમર્પણ સાથે ભાજપાની વિકાસવાદી અને રાષ્ટ્રવાદી વિચારધારાને જનજન સુધી પહોંચતી કરવાના ઉદ્દેશ સાથે પંચનિષ્ઠાથી કાર્ય કરી સતત કાર્યશીલ રહેવાનું છે. ચૂંટણીમાં હાર-જીત થવી એ લોકતાંત્રિક પ્રક્રિયાનો ભાગ છે, પરાજયથી આપણે ક્યારેય ગભરાવાની કે વિચલિત થવાની કોઈ જ આવશ્યકતા હોતી નથી. આપણે એક વાત હંમેશા યાદ રાખવી જોઈએ કે, જે લડે છે તે જ જીતે છે. કોઈ પણ પરિસ્થિતિમાં આપણે સંઘર્ષ અને કઠોર પરિશ્રમ કરવાનું છોડવું ન જોઈએ.


**પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાજીએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિવસ ૧૭ મી સપ્ટેમ્બર નિમિતે ૧૪થી ૨૦ સપ્ટેમ્બરમાં પ્રદેશ ભાજપાના 'સેવા સપ્તાહ' કાર્યક્રમ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૭૦મા જન્મદિવસ નિમિતે દરેક મંડળમાં ૭૦ દિવ્યાંગોને જરૂરી સાધન-સામગ્રી, મહાનગરમાં ૭૦ સ્થળોએ તથા જિલ્લામાં ૭૦ ગામોમાં બ્લડ કેમ્પ, મંડળ દીઠ ૭૦ વૃક્ષો વાવવા સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.**

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, આજે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતની વિકાસગાથાના સહભાગી રહેલા એવા ભૂતપૂર્વ નહીં "ઐતિહાસિક સમય"ના પૂર્વ મંત્રીશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ અને ભાજપાના ઉમેદવારો સાથેની બેઠક યોજાઈ રહી છે.

આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય અને ઐતિહાસિક બહુમતીથી વિજય બેઠકો જીતવા અંગે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે માર્ગદર્શન આપ્યું હતું અને બેઠકમાં ઉપસ્થિત સૌને આવનાર સમયમાં આવનાર ચૂંટણીઓમાં સંપૂર્ણ સક્રિય રહીને ભાજપાને મજબૂત બનાવવા અનુરોધ કર્યો હતો.આ જ ગુજરાતના ભાજપાના કાર્યકરોએ લોકસભા ચૂંટણીમાં સતત બે વખત ૨૬ માંથી ૨૬ બેઠક પર વિજય મેળવી ઈતિહાસ રચ્યો છે તો, સૌ કાર્યકર્તાઓની પરિશ્રમની પરાકાષ્ઠા, સમન્વય, માઈક્રોપ્લાનીંગ, અસરકારક વ્યવસ્થાપન દ્વારા આપણાં સૌના સામૂહિક પ્રયત્નોથી વિધાનસભાની ચૂંટણીમાં તમામ ૧૮૨ બેઠકો ઉપર વિજય મેળવવો પણ શક્ય છે.

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે પૂર્વ મંત્રીશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ અને ભાજપાના વિજય મેળવવામાં અસફળ રહેલા ઉમેદવારો સાથેની આ વિશેષ બેઠકનું આયોજન કરવા બદલ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

**પ્રશાંત વાળા**



## 'શ્રી કમલમ્', ગાંધીનગર ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ મીડિયા ટીમ અને ડિબેટ પેનલના સભ્યોની સંયુક્ત બેઠક યોજાઈ



**આજની સાંપ્રત પરિસ્થિતિમાં મીડિયા જગતનું એક અનેરું મહત્ત્વ છે, ભાજપાનું પ્રતિનિધિત્વ કરીને પક્ષની નીતિ-રીતિ, વિચારધારા, કાર્યપદ્ધતિની પ્રસ્તુતિ અસરકારકતા સાથે વિશાળ જનસમૂહ સુધી પહોંચાડવાનું કાર્ય કરતા સૌ અગેવાનશ્રીઓને અભિનંદન પાઠવું છું**
**- શ્રી વિજયભાઈ રૂપાણી**

**નાગરિકો ઉપર ટેલિવિઝન ડિબેટમાં થતી ચર્ચાઓનો ચોક્કસપણે પ્રભાવ પડે છે અને તેની નાગરિકોના જનમાનસમાં પણ સકારાત્મક કે નકારાત્મક અસર થતી હોય છે, ત્યારે સૌ ડિબેટ પેનલના સભ્યો જ્યારે ભાજપાનો ચહેરો બનીને ડિબેટમાં ભાગ લે છે ત્યારે તેમની જવાબદારી અનેકગણી વધી જાય છે - શ્રી સી. આર. પાટીલ**



ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, આજના આધુનિક યુગમાં ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયાનું ખૂબ જ મહત્ત્વ છે. નાગરિકો ઉપર ટેલિવિઝન ડિબેટમાં થતી ચર્ચાઓનો ચોક્કસપણે પ્રભાવ પડે છે અને તેની નાગરિકોના જનમાનસમાં પણ સકારાત્મક કે નકારાત્મક અસર થતી હોય છે ત્યારે સૌ ડિબેટ પેનલના સભ્યો જ્યારે ભાજપાનો ચહેરો બનીને ડિબેટમાં ભાગ લે છે ત્યારે તેમની જવાબદારી અનેકગણી વધી જાય છે. તેમણે બેઠકમાં ઉપસ્થિત સૌને મીડિયાના માધ્યમ દ્વારા સંયમ, વિનમ્રતા, ગંભીરતાપૂર્વક, આત્મવિશ્વાસ સાથે સહજતાથી જનતા સમક્ષ કેન્દ્ર અને રાજ્યની લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી વધુમાં વધુ નાગરિકો સુધી પહોંચાડવા અંગે વિસ્તારપૂર્વક છણાવટ કરીને માર્ગદર્શન આપ્યું હતું.

'શ્રી કમલમ્' ગાંધીનગર ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ મીડિયા ટીમ અને ડિબેટ પેનલના સભ્યોની સંયુક્ત બેઠક યોજાઈ. આ બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયા, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રીઓ શ્રી આઈ. કે. જાડેજા, શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ, પ્રદેશ પ્રવક્તા શ્રી ભરત પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, આજની સાંપ્રત પરિસ્થિતિમાં મીડિયા જગતનું એક અનેરું મહત્ત્વ છે, ભાજપાનું પ્રતિનિધિત્વ કરીને પક્ષની નીતિ-રીતિ, વિચારધારા, કાર્યપદ્ધતિ અને સરકારનાં કાર્યોની પ્રસ્તુતિ અસરકારકતા સાથે વિશાળ જનસમૂહ સુધી પહોંચાડવાનું કાર્ય કરતા સૌ અગેવાનશ્રીઓને અભિનંદન પાઠવું છું.


તેમણે બેઠકમાં ઉપસ્થિત સૌ અગેવાનશ્રીઓને મીડિયાના માધ્યમ થકી રાજ્યના છેવાડાના માનવી સુધી કેન્દ્ર અને રાજ્યની ભાજપા સરકારની જનહિતકારી યોજનાઓ, વિવિધ મુદ્દે ભાજપાનું સ્પષ્ટ વલણ જનતા સમક્ષ મૂકવા અંગે જરૂરી સૂચનો કરી માર્ગદર્શન આપ્યું હતું. શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, ભાજપા કાર્યકર્તા આધારિત રાજનૈતિક પાર્ટી છે, ભાજપાનો કાર્યકર્તા કોઈ વ્યક્તિ કે પરિવારને નહીં પણ રાષ્ટ્રવાદ, એક ભારત શ્રેષ્ઠ ભારતના વિચારને વરેલો છે, અને જમીની સ્તર ઉપર પક્ષને મજબૂત કરવા સદાય કાર્યશીલ રહે છે ત્યારે મીડિયાના માધ્યમ દ્વારા આપણે સૌ દ્વારા પક્ષની મજબૂત છબી ઉજાગર કરવાથી કાર્યકર્તાઓના ઉત્સાહ અને કાર્યક્ષમતામાં વધારો થાય છે.

પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાએ સંવાદ સેતુના માધ્યમથી પ્રદેશ મીડિયા ટીમ અને ડિબેટ પેનલ ટીમના સદસ્યો સાથે વિવિધ મુદ્દે ચર્ચા કરીને સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું તેમજ પ્રદેશ ભાજપાના આગામી કાર્યક્રમો વિશેની માહિતી આપી હતી.

•







# પં. દીનદયાળ ઉપાધ્યાય એક હરતી-ફરતી મહાપાઠશાળા જેવા હતા - કાર્યકર્તાઓ એમાંથી કોઈપણ પાઠ શીખી શકતા


**ભારતીય રાજનીતિમાં પં. દીનદયાળ ઉપાધ્યાય એક એવું 'ધ્રુવતારક' વ્યક્તિત્વ ઊભરી ગયું કે જે સદીઓ સુધી રાજનીતિ ક્ષેત્રે કાર્યરત કાર્યકર્તાઓના પથ ઉજાગર કરતું રહેશે**

પં. દીનદયાળજી કુશળ સંગઠક, મૂલ્યનિષ્ઠ રાજનેતા, પ્રખર ચિંતક, ઉત્તમ લેખક અને મૌલિક વિચારક હતા. એક જ વાક્યમાં આ વિરાટ વ્યક્તિત્વનો પરિચય આપવો હોય તો ચોક્કસ કહી શકાય કે પં. દીનદયાળજી હરતી ફરતી મહાપાઠશાળા જેવા હતા. કાર્યકર્તાઓ આ પાઠશાળામાંથી કોઈપણ પાઠ શીખી શકતા.

'મનોગત'ની દર વર્ષની પરંપરા અનુસાર પં. દીનદયાળના ૨૫-સપ્ટેમ્બરના જન્મદિન નિમિત્તે તેમના અલૌકિક જીવનદર્શનમાંથી કાર્યકર્તાઓને માર્ગદર્શક, પથદર્શક અને પ્રેરણાદર્શક બની શકે તેવા થોડા જીવનપ્રસંગો નિહાળીશું.

## કાર્યકરો જ પક્ષની મૂડી છે

પંડિત દીનદયાળજી માનતા કે પક્ષમાં કાર્યકરનું સ્થાન મહત્ત્વનું હોવું જોઈએ. પક્ષનો સાચો આધાર જ કાર્યકર છે. તેઓ કાર્યકર્તાઓનું ખૂબ જ માન-સન્માન જાળવતા. ૧૯૬૨-૬૩ ની વાત છે. સૌરાષ્ટ્રના જૂનાગઢમાં જનસંઘના ત્રણ દિવસના વર્ગનું એક આયોજન કરવામાં આવ્યું હતું. વર્ગના સમાપનના બધા કાર્યકર્તાઓએ એવો આગ્રહ રાખ્યો કે બધા કાર્યકર્તાઓની એક સમૂહ તસવીર પંડિત દીનદયાળજી સાથે લેવાય. આ વર્ગમાં શ્રી અટલબિહારી વાજપેયી, શ્રી સુંદરસિંહ ભંડારી જેવા રાષ્ટ્રીય નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સમૂહ તસવીર માટે ખુરશીઓ ગોઠવાઈ ગઈ ને બધા નેતાઓ ખુરશીમાં બેસી ગયા. ત્યાં ઓચિંતાનું પંડિત દીનદયાળજીને યાદ આવ્યું કે, અરે ! હરિસિંહજી ક્યાં ? શ્રી હરિસિંહ ગોહિલ તે વખતે



ગુજરાત જનસંઘના પ્રદેશ પ્રમુખ હતા. હરિસિંહજી દૂર ખૂણામાં ઊભા હતા. દીનદયાળજીએ ખુરશીમાંથી ઊભા થઈ, હરિસિંહજીનો હાથ પકડીને ખુરશીમાં બેસાડી દેતાં કહ્યું, આપ ગુજરાત પ્રાંતના અધ્યક્ષ છો. આપ તો કેન્દ્રબિંદુ છો. તમે જ વચ્ચે શોભો.

પંડિતજી નાનામાં નાના કાર્યકરને સાચવી લેતા. જ્યારે જ્યારે પંડિતજીનું ભાષણ હોય ત્યારે સૌથી પહેલાં તેઓ તે વિસ્તારના કાર્યકરોનું ભાષણ અવશ્ય ગોઠવે. ત્યારબાદ જ પોતે ભાષણ કરે.

## કાર્યકરોને તેઓ દિલથી ચાહતા

સામાન્ય કાર્યકર્તાઓ પ્રત્યે પંડિત દીનદયાળજીને અનહદ લાગણી અને પ્રેમ રહેતો. કાર્યકર્તાઓને પંડિતજી દિલથી ચાહતા. તેઓ માનતા કે પક્ષનો આત્મા જ કાર્યકર્તા છે. તેઓના વિના પક્ષ બળવાન બને કેવી રીતે ? સને ૧૯૬૦માં પંડિતજી રાજકોટમાં સંઘ શિક્ષણ વર્ગ માટે જઈ રહ્યા હતા. તેઓની સાથે સુમનભાઈ પારેખ નામના કાર્યકર પણ હતા. પરંતુ બંને અલગ- અલગ ડબામાં બેઠા હતા. વ્યાવર સ્ટેશન આવ્યું. ત્યાંના સ્થાનિક કાર્યકરે દીનદયાળજી માટે ભોજનનું ટિફિન આપતાં કહ્યું કે, અજમેર સ્ટેશને એક ભાઈ આવીને ટિફિન પાછું લઈ જશે એટલે અજમેર પહેલાં ભોજન કરી લેશો.

પંડિતજી સેકન્ડ ક્લાસમાં બેઠા હતા. તેઓએ વિચાર્યું કે સુમનભાઈ એકલા બેઠા છે. તેઓ જમ્યા નહિ જ હોય, જેથી તેઓ ટિફિન લઈને પછીના સ્ટેશને ‘સુમનભાઈ... સુમનભાઈ...’ બૂમો પાડતા એક ડબ્બાથી બીજા ડબ્બા સુધી દોડતા ગયા. સુમનભાઈને શોધીને સાથે જમ્યા.

પંડિત દીનદયાળ ઉપાધ્યાય તે સમયે અખિલ ભારતીય નેતા હતા, કોઈ સામાન્ય વ્યક્તિ ન હતા. તેઓ રાષ્ટ્રીય કક્ષાનું સ્થાન ધરાવતું આગવું વ્યક્તિત્વ હતું. આવી મોટી વ્યક્તિ એક સામાન્ય કાર્યકરની સાથે જમે એ કોઈ સામાન્ય ઘટના ન હતી.

## નખશિખ પ્રામાણિક ઇન્સાન

પંડિત દીનદયાળ ઉપાધ્યાય રાજનીતિમાં કાર્યરત હોવા છતાં તેમની સજ્જનતા અને પ્રામાણિકતા ઉપર સૌને માન હતું. પંડિતજીના અનેક જીવનપ્રસંગોમાંથી પ્રામાણિકતાના પ્રસંગો પ્રેરણાદાયી રહ્યા છે.

સને ૧૯૪૩માં તેઓ સંડીલામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક હતા. સંઘના કાર્ય માટે એક દિવસે વચનેશ ત્રિપાઠી સાથે સંડીલાથી બાલામઉ જઈ રહ્યા હતા. સ્ટેશન ઉપર પહોંચતાં મોડું થયું. ટ્રેન ઊપડવાની તૈયારી કરતી હતી. ટિકિટબારી બંધ થઈ ગઈ હતી. પ્રથમ તો દીનદયાળજીએ ટિકિટ વિના મુસાફરી કરવાની ના પાડી. પણ વચનેશ ત્રિપાઠી યુવા ક્રાંતિકારી હતા. તેઓએ કહ્યું કે પહેલાં આપણે ટ્રેનમાં તો બેસી જઈએ. રસ્તામાં ટિકિટ લઈ લેશું. ટિકિટ વિના બંને બેસી ગયા. આખા રસ્તે દીનદયાળજી ટી.ટી.ની રાહ જોતા રહ્યા પણ રસ્તામાં કયાંય ટી.ટી. દેખાયા નહિ.. બાલામઉ પહોંચી ગયા. સ્ટેશને ઊતરીને દીનદયાળ સીધા ટિકિટ ચેકર પાસે ગયા અને બે ટિકિટ બનાવી આપવા કહ્યું. ટી.ટી.ને પ્રથમ તો આશ્ચર્ય થયું. ટી.ટી.એ કહ્યું, હવે તો તમે બાલામઉ આવી ગયા છો, હવે ટિકિટ બનાવીને શું કરશો ? જાઓ, હવે કંઈ વાંધો નહિ. આમ કહી ટી.ટી. ચાલ્યો ગયો. વચનેશ ત્રિપાઠીએ કહ્યું, પંડિતજી ! ચાલો, હવે આપણે જઈએ.

પણ દીનદયાળનું મન માનતું નહતું. તેઓએ કહ્યું ટિકિટના પૈસા તો આપવા જ જોઈએ. તેઓ સ્ટેશન માસ્ટર પાસે ગયા ને બધી વાત કરી. બે હાથ જોડી વિનંતી કરી. સ્ટેશન માસ્ટરે આવા સજ્જન અને પ્રામાણિક માણસો જોયા ન હતા. તેઓને જ્યારે દીનદયાળજીનો પરિચય થયો ત્યારે તે પણ આશ્ચર્યચકિત થઈ ગયા. સ્ટેશન માસ્ટરે પણ કહ્યું કે, આપ અમારા મહેમાન છો, ટિકિટની કોઈ જરૂર નથી. પરંતુ દીનદયાળે મક્કમતાપૂર્વક પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો ને કહ્યું ‘રેલવે રાષ્ટ્રીય સંપત્તિ છે. એનો ઉપયોગ વિનામૂલ્યે કેવી રીતે કરી શકાય ? રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું કાર્ય સંસ્કૃતિ, પ્રામાણિકતા બચાવવાનું છે. ટિકિટના પૈસા તો મારે આપવા જ પડશે.’ છેલ્લે દીનદયાળે હઠાગ્રહ કરી બંનેની ટિકિટના પૈસા સ્ટેશન માસ્ટરને આપી, ટિકિટ ફડાવીને જ રહ્યા.

આવી જ રીતે એકવાર તેઓ રેલવેમાં મુસાફરી કરતા હતા. તે દિવસે ત્રીજા વર્ગમાં જગ્યા ન હોવાથી કાર્યકર્તાઓએ તેમનો બિસ્તરો બીજા વર્ગમાં મૂકી દીધો. પંડિતજીને એ ન ગમ્યું. છતાં તેઓ બીજા વર્ગના ડબ્બામાં બેસી ગયા. બાલિયા પહોંચતાં જ સીધા ટી.સી. પાસે ગયા અને વધારાનું ભાડું આપીને રસીદ મેળવી લીધી.

## બચપણથી જ પ્રામાણિકતાના ગુણ

પ્રામાણિકતાના ગુણ દીનદયાળજીમાં બચપણથી જ હતા. દીનદયાળજી પ્રયાગમાં અભ્યાસ કરતા હતા ત્યારે રોજ સાંજે એક પાઈનાં દાતણ લેતા, એક વખતા દાતણ લઈ રૂમ પર આવ્યા અને ખિસ્સામાં જોયું તો ધ્યાનમાં આવ્યું કે દાતણવાળી ડોશીને ખોટી પાઈ ભૂલથી અપાઈ ગઈ છે. તેઓ તુરત દાતણવાળી ડોશી પાસે આવ્યા અને ડોશીને કહે, તમોને ભૂલથી ખોટી પાઈ અપાઈ ગઈ છે. આ સાચી પાઈ લઈ લો અને ખોટી પાઈ મને પાછી આપો. ડોશી કહે, ભઈલા, પૈસાના આટલા ઢગલામાં



તારી ખોટી પાઈ શોધવા બેસું તો મારા બીજા ઘરાક જતા રહે. બીજા ઘરાકને મોડું થાય. તું તારે જા. તારી પાઈ મને મળી ગઈ. પણ આ તો દીનદયાળ. પોતે ઢગલામાંથી ખોટી પાઈ શોધી કાઢી અને સાચી પાઈ દાતણવાળી ડોશીને આપીને જ જંપ્યા. રૂમ પર મિત્રોએ જ્યારે આ વાત જાણી ત્યારે તેઓએ કહ્યું, ડોશીને તારે સાચી પાઈ આપી દેવી હતી ને ! ખોટી પાઈ શોધવામાં મહેનત શા માટે કરી ? ત્યારે દીનદયાળે કહ્યું, મારી ભૂલ થઈ એવી જ ભૂલ ડોશીની થાય તો ? આવા પ્રામાણિક જીવન અને ઉમદા ચિંતનનું તેઓ પ્રતીક હતા.

### સરકારી મિલકતનો દુરુપયોગ ન થવો જોઈએ

સંઘ પ્રચારક તરીકે દીનદયાળ એક વખત મહારાષ્ટ્રના થાણા જિલ્લાના પ્રવાસે ગયા હતા. તે વખતે થાણા નગરપાલિકાના અધ્યક્ષ પાસે સરકારી જીપ હતી. તેઓ જીપનો ઉપયોગ નગરપાલિકાનાં કાર્યો માટે કરતા હતા. નગરપાલિકાના અધ્યક્ષે દીનદયાળજીને પોતાના ઘેર ચા - નાસ્તો કરવા આમંત્રણ આપ્યું. સાંજે અધ્યક્ષશ્રી સરકારી જીપ લઈ દીનદયાળજીને લેવા આવ્યા. જીપ ઉપર 'ગવર્નમેન્ટ ઓફ મહારાષ્ટ્ર' એવું લખેલું હતું. આ વાંચીને દીનદયાળે પૂછ્યું, આ જીપ કોની છે ? અધ્યક્ષે જવાબ આપ્યો, નગરપાલિકાની. દીનદયાળજીએ કહ્યું, 'તો ભાઈ ! નગરપાલિકાની જીપ અને આપને ત્યાં આવવાનો કોઈ સંબંધ નથી. આ સરકારનું કે નગરપાલિકાનું કાર્ય નથી. મારાથી આ જીપમાં કેવી રીતે બેસાય ? તમારું સરનામું મને આપો. હું ચાલતો આવીશ.'

તેઓ નગરપાલિકાની જીપમાં બેઠા નહિ ને ચાલતા તેઓના ઘેર પહોંચ્યા. દીનદયાળજીની આ પ્રકારની નૈતિકતા જોઈ સૌ એકદમ ડઘાઈ ગયા. સૌ વિચારવા લાગ્યા કે સરકારી વસ્તુઓનો ઉપયોગ પોતાનાં કાર્યોમાં કરી ના શકાય. દીનદયાળે જીવનભર આ નિયમ પાળ્યો.

### સમયપાલનના ચુસ્ત આગ્રહી


એક વખત એક સભા સંબોધવા તેઓ એક કાર્યકર્તાની મોટર સાઇકલ પાછળ બેસીને જતા હતા. રસ્તામાં અકસ્માતે મોટર સાઇકલ પથ્થર સાથે અથડાતાં દીનદયાળજીને પગમાં જોરદાર ચોટ લાગી. પગની ચામડી છોલાઈ ગઈ અને લોહી વહેવા લાગ્યું, પણ પંડિતજી એક શબ્દ પણ બોલ્યા નહિ. મોટર સાઇકલ ચલાવનારને આ વાતનો ખ્યાલ જ આવ્યો નહિ. દસ માઈલનો પ્રવાસ પૂરો કરીને પંડિતજી સભાસ્થળે પહોંચ્યા. લંગડાતા લંગડાતા પંડિતજી સભામંચ પર પહોંચ્યા ત્યારે કાર્યકર્તાઓએ પૂછયું, પંડિતજી, પગે શું થયું ? પગ ખોલીને જોતાં સૌ કાર્યકર્તાઓ ડઘાઈ ગયા. પંડિતજીને પગમાં ખૂબ મોટી ચોટ લાગેલી. સભા પૂરી થયા બાદ મોટરચાલક કાર્યકરે પંડિતજીને કહ્યું કે, આપે મને રસ્તામાં કહ્યું હોત તો રસ્તામાં જ દવાખાનું આવતું હતું. આપણે પાટો બંધાવવા ત્યાં જાત ને ? પંડિતજીએ કહ્યું, હા, પણ આપણે સમયસર સભાના સ્થળે પહોંચવાનું હતું ને ? અહીં ઘણા બધા લોકો આપણી રાહ જોતા બેઠા હતા. દવાખાને ગયા હોત તો સારવાર પાછળ ઘણો સમય જાત. મને થયું કે એકવાર સભા પૂરી થયા બાદ જે કરવું હશે તે કરીશું. આમ, સમયપાલનના તેઓ ચુસ્ત આગ્રહી હતા.

### સાદગીભર્યું દંભરહિત જીવન

પંડિત દીનદયાળજીની સાદગી નોખી - અનોખી હતી. સાદો પહેરવેશ, સાદું ભોજન અને સાદી રહેણીકરણી. રાષ્ટ્રીય કક્ષાના રાજકીય નેતા હોવા છતાં તેઓ પોતાને કદી નેતા માનતા જ નહિ. હંમેશા તેઓ કાર્યકર બનીને જ રહ્યા. પંડિતજીની સાદાઈ અને સાદગીભર્યા વ્યવહારનું ઉત્કૃષ્ટ ઉદાહરણ જોઈએ તો એકવાર તેઓ કર્ણાવતીના પ્રવાસે આવ્યા હતા. ગુજરાતના બે જાણીતા રાજકીય વિવેચકો શ્રી કીર્તિદેવ દેસાઈ અને શ્રી પ્રવીણભાઈ શેઠ સાથે તેઓની મુલાકાત શ્રી વસંત ગજેન્દ્રગડકરને ઘેર ગોઠવાઈ. આ બંને મહાનુભાવો પંડિતજીને મળવા આવવાના હતા. તે જ સમયે શ્રી વસંતભાઈને કોઈ બીજા કાર્યક્રમમાં જવાનું થયું. કીર્તિદેવ દેસાઈ અને પ્રવીણ શેઠ તો તેના નિર્ધારિત સમયે વસંતભાઈને ઘેર આવી ગયા. આ બંને મહાનુભાવો પંડિતજીને ઓળખતા ન હતા. ઘરમાં પંડિતજી સિવાય કોઈ ન હતું. પંડિતજીએ મહેમાનોનું સ્વાગત કર્યું. પાણી ભરીને આપ્યું. જાતે જ ચા બનાવી. સાદા ધોતિયા અને બંડીમાં આ રીતે સ્વાગત કરતા પંડિતજીને મહેમાનો ઓળખી ન શક્યા. તેઓએ પંડિતજીને જ પૂછ્યું, 'પંડિતજીને મળવા માટે આવ્યા છીએ, જરા સમાચાર આપો.'

જવાબ મળ્યો, જરા બેસો, હમણાં પંડિતજી આવે છે. ચા - નાસ્તાની વિધિ પૂરી થયા બાદ પંડિતજી સામે ખુરશી પર બેસતાં બોલ્યા, કહો, હું પંડિત દીનદયાળ. કીર્તિ દેસાઈ અને પ્રવીણ શેઠ હત્‌પ્રભ થઈ ગયા. આટલી સાદગી?

પંડિતજી એકવાર અમેરિકાના પ્રવાસે જઈ રહ્યા હતા. એક દિવસ અગાઉ તેઓનો સામાન શ્રી જગદીશપ્રસાદ માથુર બાંધી રહ્યા હતા. સામાનમાં તેઓના કપડામાં એક ધોયેલો સાફો પણ હતો. માથુરજીએ કહ્યું પંડિતજી, અમેરિકામા પાઘડી બાંધવી જરા પણ સારી લાગશે નહિ.



ત્યાં પાઘડી પહેરીને ફરવું જામશે નહિ. આ તમારી પાઘડીને અહીં જ રહેવા દો તો સારું પરંતુ પંડિતજી માન્યા નહિ. પાઘડી સાથે જ લઈ જવાનો આગ્રહ રાખ્યો. તેઓએ ઊંચા અવાજે કહ્યું, જો હું વિદેશમાં ભારતીય ન લાગું તો ત્યાં જવાનો કોઈ અર્થ નથી. ત્યાંના લોકોને લાગવું જોઈએ કે હું ભારતીય છું. તમને જો આ ન ગમતું હોય તો મારી ટિકિટ કેન્સલ કરાવી નાંખો. મારે અમેરિકા નથી જવું. સૌ મૌન થઈ ગયા. અંતે પંડિતજીની પાઘડી અમેરિકા સાથે ગઈ.

પંડિત દીનદયાળજીની સાદગી અલાયદી હતી. એક બગલથેલો અને બે જોડી સાદાં કપડાં તેઓના સાથી હતાં.

## મૂલ્યનિષ્ઠ રાજનેતા

પંડિત દીનદયાળજી માનતા કે રાજનીતિ પણ રાષ્ટ્રજીવનનું એક અંગ છે તેથી તેની ઉપેક્ષા કરવી બરાબર નથી. આથી જ તેમણે જનસંઘને મૂલ્યનિષ્ઠ, સિદ્ધાંતનિષ્ઠ અને વિચારનિષ્ઠ પક્ષ બનાવવા કમર કસી હતી. દીનદયાળજી વિચારધારા, મૂલ્યનિષ્ઠા અને જીવનમૂલ્યોના ભોગે કદી સમાધાન ન કરતા.

સન ૧૯૬૩માં દેશમાં ત્રણ લોકસભાની બેઠકો ઉપર પેટા ચૂંટણીઓ યોજાઈ. જેમાં ડૉ. લોહિયા, આચાર્ય કૃપલાણી અને પં. દીનદયાળ ઉપાધ્યાય અલગ-અલગ બેઠકો ઉપરથી ચૂંટણી લડી રહ્યા હતા. દીનદયાલજી જૌનપુર બેઠક ઉપરથી લડી રહ્યા હતા. આ બેઠક જાતિવાદના ધોરણે લડાતી હોવાથી સ્થાનિક કાર્યકર્તાઓએ દીનદયાળજીને જાતિવાદના ધોરણે જ ચૂંટણીપ્રચાર કરવાનો આગ્રહ રાખ્યો. પરંતુ દીનદયાળજીએ તેમ કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો. નાણાંકોથળીનો ઉપયોગ કરવાની પણ તેઓએ મનાઈ ફરમાવી. પરિણામે તેઓ ચૂંટણી હારી ગયા. ડૉ. લોહિયા અને આચાર્ય કૃપલાણી ચુંટણી જીતી ગયા.

ચૂંટણી હારી ગયા બાદ પત્રકાર સંમેલનમાં પ્રતિભાવ આપતાં દીનદયાળે કહ્યું કે, હારી ગયો એમાં નવાઈ શી છે ? સાચું કહું તો સામે ઊભેલા કોંગ્રેસના ઉમેદવાર સારા હતા. તેઓની કામગીરી આ વિસ્તારમાં સારી છે. મારા કરતાં તેમની લાયકાત વધારે સારી છે. ન કોઈ ચૂંટણી હારવાનો અફસોસ કે ન કોઈ ચૂંટણીમાં ગેરરીતિની ફરિયાદ. આ દીનદયાળજીની પહેલી અને છેલ્લી ચૂંટણી બની રહી. પછી તેઓ એક પણ ચૂંટણી લડયા નહિ.

## સ્પષ્ટવક્તા, ઉત્તમ લેખક, કુશળ સંગઠક અને મૌલિક ચિંતક

પંડિત દીનદયાળજી હંમેશા સત્ય અને સ્પષ્ટ બોલતા. એકવાર એક પત્રકાર પરિષદમાં એક પત્રકારે પંડિતજીને પૂછયું : જનસંઘ ઉપર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું પ્રભુત્વ છે એ સાચું ? એ પત્રકારે આ પ્રશ્ન પૂછતી વખતે અંગ્રેજીમાં ડોમિનેશન શબ્દનો પ્રયોગ કરેલો. દીનદયાળે જવાબમાં સ્પષ્ટ કહ્યું : ડોમિનેશન-પ્રભાવ વગેરેમાં તો હું કંઈ ન સમજું. પણ હું સંઘનો સ્વયંસેવક જરૂર છું. હું રોજ સંઘની શાખામાં જાઉં છું. સંઘમાં કહે છે કે દરેક સ્વયંસેવક મિત્ર બનવો જોઈએ અને દરેક મિત્ર સ્વયંસેવક બનવો જોઈએ. તેથી સ્વયંસેવક મિત્રોને હું જનસંઘમાં આવવા કહું છું. આને તમે પ્રભુત્વ કે ડોમિનેશન કહેતા હો તો ભલે...

પંડિત દીનદયાળજી ઉમદા લેખક હતા. સાથે સાથે સારા પત્રકાર પણ હતા. બાળકો માટે લખેલ પુસ્તક સમ્રાટ ચંદ્રગુપ્ત તેઓની ઉત્તમ કૃતિ છે. ૧૬૬ પાનાંનું આ પુસ્તક પંડિતજીએ એક જ બેઠકમાં લખી નાખેલ. તરુણો માટે જગદ્ગુરુ શંકરાચાર્ય પુસ્તક પણ ઉત્તમ કોટિનું પુસ્તક છે.

પંડિત દીનદયાળજી કુશળ સંગઠક હતા. સંગઠન વિશેનું તેઓનું મૌલિક ચિંતન અતિ ઉમદા રહ્યું છે. તેઓ કહેતા કે માત્ર લોકોનાં ટોળાં કે ભીડ ભેગાં કરવાથી સંગઠન નથી રચાતું. ભીડ કે ટોળાનું કોઈ એક સમાન લક્ષ્ય કે દિશા નથી હોતાં. પરંતુ, જે સંગઠનમાં લક્ષ્ય, વિચાર, દિશા અને કૃતિ એક હોય, ત્યાં ભલે ટોળું કે ભીડ ન હોય, બેચાર વ્યક્તિ જ હોય, છતાં આવા નાના સંગઠનની પ્રવૃત્તિ મોટી ભીડ કે ટોળા કરતાં લાખ ગણી વધારે શક્તિ પેદા કરે છે.

દીનદયાળજીનું વિવિધ ક્ષેત્રે તલસ્પર્શી મૌલિક ચિંતન આજે પણ એટલું જ પ્રસ્તુત છે. પંડિતજીના એકાત્મ માનવદર્શનના સિદ્ધાંતો આપણી સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય નીતિને અનુરૂપ આજે પણ માર્ગદર્શક બની રહે તેમ છે. અર્થતંત્ર વિશેના પંડિતજીના વિચારો માનવતાવાદી રહ્યા છે. તેઓએ ભારતીય અર્થતંત્ર ઉપર ખૂબ ઊંડું ચિંતન કર્યું છે. તેઓ કહેતા કે, આપણી અર્થવ્યવસ્થા એવી હોવી જોઈએ કે જે આપણા માનવત્વને વિકસિત કરે, આપણા માનવત્વને જીવતું રાખે. માનવી સૌ સરખા. વિકાસની તક સૌને સરખી મળવી જોઈએ.

## પંડિતજીનો મહામંત્ર

જનસંઘના કાલિકટ અધિવેશનમાં (૧૯૬૮) તેમનું પહેલું અને છેલ્લું અધ્યક્ષીય ઉદ્બોધન સદાય સ્મૃતિમાં જડાયેલું રહે એમ છે. અંતિમ અધિવેશનમાં તેઓના અંતિમ શબ્દો મહામંત્ર સમાન હતા. તે શબ્દો હતા :

**ચરૈવેતિ ચરૈવેતિ**

(સતત ચાલતા રહો, સતત ચાલતા રહો.)

•

REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ મીડિયા ટીમ અને ડિબેટ પેનલના સભ્યોની સંયુક્ત બેઠકની તસવીરો




**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.